અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૦ ઓગસ્ટ ૨૦૨૪, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૬ | અંક : ૪૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

શરાબ કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટે આપ્યા જામીન

## મનીષ સિસોદિયા ૧૭ મહિના બાદ જેલમાંથી બહાર આવશે

### સિસોદિયાની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી : સર્વોચ્ચ અદાલતે તેમને ૧૦-૧૦ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હી શરાબ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાના જામીન મંજુર કર્યા છે. આ કેસમાં સિસોદિયા ફેબ્રુઆરી ૨૦૨૩થી તિહાડ જેલમાં બંધ છે. હવે ૧૭ મહિના બાદ તે જેલમાંથી બહાર આવશે. દિલ્હી દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યા છે. સિસોદિયાની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે સતત જેલમાં છે. સર્વોચ્ચ અદાલતે સિસોદિયાને ૧૦-૧૦ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા છે. હવે તે જેલમાંથી બહાર આવશે.

સુપ્રીમ કોર્ટે જામીન આપવા સાથે સિસોદિયાએ પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરવો પડશે. દર સોમવારે IO ને રિપોર્ટ કરવો પડશે. સાક્ષીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે નહીં. સુપ્રીમ કોર્ટે તેને ટ્રાયલ કોર્ટમાં મોકલવાની ઈડીની માંગને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટે સમજવું જોઈએ કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. ટ્રાયલ પૂર્ણ કર્યા વિના કોઈને પણ જેલમાં રાખી શકાય નહીં અને સજા કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે સિસોદિયાને જામીન આપતાં કહ્યું કે સિસોદિયા લાંબા સમયથી જેલમાં છે, આ રીતે તેમને ઝડપી સુનાવણીના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. હવે સમય આવી ગયો છે કે નીચલી અદાલતો અને હાઈકોર્ટ એ સિદ્ધાંતને સમજે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. મનીષ સિસોદિયાને જામીન માટે નીચલી અદાલતમાં મોકલવા એ ન્યાયનું અપમાન હશે, તેથી અમે તેમને જામીન આપી રહ્યા છીએ.

જામીન મળ્યા બાદ મનીષ સિસોદિયાના વકીલ ઋષિકેશ કુમારે કહ્યું કે સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને જામીન આપી દીધા છે. આ એક ઐતિહાસિક નિર્ણય છે. મનીષ સિસોદિયા ૧૭ મહિના જેલમાં રહ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે EDએ કહ્યું હતું કે આ ટ્રાયલ ૬-૮ મહિનામાં ખતમ થઈ જશે, એવું લાગતું નથી. EDના આરોપને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે મનીષ સિસોદિયાએ ટ્રાયલમાં



વિલંબ કર્યો નથી. ઈડીએ કોર્ટ સમક્ષ માગ કરી હતી કે, મનીષ સિસોદિયા સચિવાલય અને સીએમ કાર્યાલયમાં પ્રવેશની મંજૂરી આપવામાં ન આવે. અરવિંદ કેજરીવાલ પર પણ આ પ્રકારના પ્રતિબંધ લાગુ હતા. જો કે, કોર્ટે ઈડીની આ માગ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. જો કે, તેમને અમુક નિયમોનું પાલન કરવા આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે નીચલી અદાલતે ઝડપી સુનાવણીના અધિકારની અવગણના કરી અને યોગ્યતાના આધારે જામીન રદ કર્યા નથી. અમે EDના પ્રારંભિક વાંધાને સ્વીકારવા તૈયાર નથી કે આ અરજી જાળવણી યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે મનીષને નીચલી કોર્ટ અને પછી હાઈકોર્ટમાં જવા કહ્યું હતું અને ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાં આવવા માટે કહ્યું હતું. સિસોદિયાએ બંને કોર્ટમાં અરજીઓ કરી હતી. આ પછી મનીષે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. પ્રથમ આદેશ મુજબ ૬ થી ૮ મહિનાની સમય મર્યાદા વીતી ગઈ છે.


આ કેસમાં છેલ્લી સુનાવણી ૨૯ જુલાઈએ થઈ હતી. જેમાં EDએ એફિડેવિટ દાખલ કરવા માટે સમય માંગ્યો હતો. આ પછી સુપ્રીમ કોર્ટે સુનાવણી સ્થગિત કરી દીધી. તમને જણાવી દઈએ કે સિસોદિયાની સીબીઆઈ દ્વારા ગત વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ અને ઈડી દ્વારા ૯ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડના બે દિવસ બાદ સિસોદિયાએ દિલ્હી કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું.

આજે સત્યની જીત થઈ છે : આતિશી

## મનીષ સિસોદિયાને જામીન મળતા દિલ્હીના મંત્રી આતિશી થયા ભાવુક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હી લીકર પોલિસી કેસમાં ૧૭ મહિનાથી જેલમાં બંધ રહેલા મનીષ સિસોદિયાને આખરે સુપ્રીમ કોર્ટમાંથી આજે શુક્રવારે જામીન મળી ગયા છે. ત્યારબાદ દિલ્હીના શિક્ષણ મંત્રી અને AAP નેતા આતિશીને આ અંગે તેમની પ્રતિક્રિયા પૂછવામાં આવી ત્યારે તેઓ ભાવુક થઈ ગયા અને રડી પડ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે, આજે સત્યની જીત થઈ છે. દિલ્હીના વિદ્યાર્થીઓનો વિજય થયો છે. તેમને જેલમાં એટલા માટે મોકલવામાં આવ્યા હતા કારણ કે તેમણે ગરીબ બાળકોને સારું શિક્ષણ આપ્યું હતું. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેમને સજા વિના આટલા લાંબા સમય સુધી જેલમાં રાખવા એ ન્યાયની મજાક ઉડાવવા જેવું થશે. આતિશીએ એમ પણ કહ્યું કે, આ સત્યની જીત છે કારણ કે મનીષ સિસોદિયાને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા હતા. તેમણે દિલ્હીના બાળકોને સુંદર ભવિષ્ય આપ્યું છે.



આજે અમે ખુશ છીએ કે મનીષ સિસોદિયાને જામીન મળી ગયા છે. ટૂંક સમયમાં એવો સમય પણ આવશે જ્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ બહાર આવશે.'' દિલ્હી સરકારના મંત્રી ગોપાલ રાયે કહ્યું કે, આજનો દિવસ સમગ્ર દિલ્હી અને દેશના લોકો માટે ખુશીનો દિવસ છે. મનીષ સિસોદિયાએ સમગ્ર દેશમાં શિક્ષણ ક્રાંતિનો રોલ મોડલ સ્થાપિત કર્યો, પરંતુ સરકારે તેમને ૧૭ મહિના સુધી કોઈ પુરાવા વિના જેલમાં રાખ્યા.

### ન્યૂઝ બ્રિફ

#### વક્ફ કાયદામાં સુધારા માટે JPCની કરી રચના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વક્ફ કાયદામાં સુધારા માટે લોકસભા અધ્યક્ષે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ની રચના કરી છે. સમિતિમાં ઓવૈસી અને ઈમરાન મસૂદ સહિત ૩૧ સાંસદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેપીસીમાં ૨૧ સંસદસભ્ય લોકસભાના અને ૧૦ સાંસદ રાજ્યસભાના છે. નરેન્દ્ર મોદી સરકારે ગઈકાલે વક્ફ કાયદામાં સુધારા માટે લોકસભામાં ખરડો દાખલ કર્યો હતો. જોકે કોંગ્રેસ સહિત વિપક્ષોએ તેનો વિરોધ કર્યો હતો. ઉપરાંત ભાજપના સાથીપક્ષો પણ આ ખરડાને કાંતો સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) અથવા સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) સમક્ષ લઈ જવાની ઈચ્છા ધરાવતા હતા.

#### કમલા હેરિસના ઝંઝાવતી પ્રચારથી ટ્રમ્પ ગભરાયા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકાની પ્રેસિડન્ટની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ અચાનક પ્રેશરમાં આવી ગયા છે. કમલા હેરિસ જે રીતે ધમાકેદાર રેલીઓ કરી રહ્યા છે અને જુદા જુદા મુદ્દા ઉઠાવી રહ્યા છે તેની સામે ડોનાલ્ડ ટ્રમ્પ ઝાંખા પડી ગયા હોય તેમ લાગે છે. તેમનો આત્મવિશ્વાસ ડગી ગયો છે. તેમની રેલીઓમાં પહેલા કરતા ઓછા લોકો આવે છે અને ટ્રમ્પ ભાષણ કરે ત્યારે કોઈને રસ પડતો નથી. ટ્રમ્પ પોતાની સ્પીચમાં એકની એક વાત વારંવાર રિપિટ કર્યા કરે છે.

#### માતા જેલ ભેગી, દીકરીએ IASની નોકરી ગુમાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

છેતરપિંડી, ખોટા ડોક્યુમેન્ટ્સ અને દિવ્યાંગ ક્વોટાનો લાભ મેળવી આઈએએસની નોકરી મેળવનાર પૂજા ખેડકરની માતાની ધરપકડ બાદ પિતાના માથે પણ ધરપકડની તલવાર લટકી રહી છે. પૂજા ખેડકર પણ કાનૂની કાર્યવાહીનો સામનો કરી રહી છે, ત્યાં તેના પિતા વિરૂદ્ધ પણ કેસ નોંધાયો હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે પૂજા ખેડકરના પિતા દિલિપ ખેડકર વિરૂદ્ધ પુણે જિલ્લામાં એક લોક સેવકને ધમકાવવા અને તેની ફરજમાં અડચણો નાખવાનો આરોપ નોંધાયો છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા

## પીએમ મોદી અને રાહુલ ગાંધીએ કરી ચા પર ચર્ચા

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા તથા લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ એકબીજાનું અભિવાદન કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

લોકસભામાં સંસદ સત્ર સ્થગિત થયા બાદ શુક્રવારે (૯ ઓગસ્ટ) અનૌપચારિક ચા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા તથા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એકબીજાનું અભિવાદન કર્યું. આ દરમિયાન બંને નેતાઓએ ગરમજોશીથી નમસ્તે કર્યું. આ દરમિયાન રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહને યુક્રેનની પરિસ્થિતિ વિશે પૂછ્યું, જેના પર રક્ષા મંત્રીએ કહ્યું કે ભારત આ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. લોકસભા સદનની કાર્યવાહી શુક્રવારે (૯ ઓગસ્ટ) અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરી દેવામાં આવી છે. ગયા મહિને ૨૨ જુલાઈથી શરૂ થયેલા આ સત્રની કાર્યવાહી ૧૨ ઓગસ્ટ સુધી ચાલવાની હતી. પરંતુ, તેનું સમાપન શુક્રવારે જ કરી દેવામાં આવ્યું. આ દરમિયાન લોકસભા



સ્પીકરે સત્ર દરમિયાન સદનની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં સહયોગ કરવા બદલ વડાપ્રધાન, સંસદીય કાર્ય મંત્રીઓ, વિપક્ષના નેતા, વિવિધ પક્ષોના નેતાઓ અને સાંસદો પ્રત્યે આભાર પણ વ્યક્ત કર્યો. આ દરમિયાન સંસદ સત્ર સ્થગિત થયા બાદ અનૌપચારિક ચા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે ઘણા મોટા નેતાઓ હાજર રહ્યા. જેમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ, નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ, પીયૂષ ગોયલ, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુ, લોજપા નેતા ચિરાગ પાસવાન, શિવસેના સાંસદ શ્રીકાંત શિંદે, સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ સહિત અન્ય લોકો હાજર રહ્યા. સત્ર દરમિયાન, કુલ ૧,૩૪૫ પેપર ગૃહના ટેબલ પર મૂકવામાં આવ્યા હતા. આ સત્ર દરમિયાન, ૨૨ જુલાઈના રોજ ઓલિમ્પિક ગેમ્સ માટે ભારતની તૈયારીઓ અંગે નિયમ ૧૯૩ હેઠળ ટૂંકા ગાળાની ચર્ચા કરવામાં આવી હતી. ૩૧ જુલાઈના રોજ, દેશના વિવિધ ભાગોમાં ભૂસ્ખલન અને પૂરને કારણે જાનમાલના નુકસાનના મુદ્દા પર નિયમ ૧૯૭ હેઠળ ધ્યાન દોરવાની દરખાસ્ત લેવામાં આવી હતી. સત્ર દરમિયાન ૬૫ ખાનગી બિલ રજૂ કરવામાં આવ્યા હતા. ખાનગી સભ્યોના ઠરાવો વિશે વાત કરતાં, દેશમાં હવાઈ ભાડાંના નિયમન માટે યોગ્ય પગલાં લેવાના વિષય પર ચર્ચાના પ્રસ્તાવને પણ સ્વીકારવામાં આવ્યો હતો.

હર ઘર તિરંગા અભિયાનની શરુઆત

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર પ્રોફાઇલ ફોટો બદલ્યો

### વડાપ્રધાને નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનને યાદગાર જન આંદોલન બનાવવા વિનંતી કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને હર ઘર તિરંગા અભિયાનને યાદગાર જન આંદોલન બનાવવા વિનંતી કરી છે. પીએમએ તેમનો પ્રોફાઈલ પિક્ચર બદલીને તિરંગો કરી દીધો છે. તેમણે એક વેબસાઈટ પણ શેર કરી છે જ્યાં લોકો પોતાના ઘરે ધ્વજ ફરકાવ્યા બાદ તેની સાથે સેલ્ફી લઈને વેબસાઈટ પર શેર કરી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે લોકોને વિનંતી કરી હતી કે તેઓ સોશિયલ મીડિયા પરના તેમના પ્રોફાઈલ ચિત્રોને "તિરંગા" એટલે કે રાષ્ટ્રધ્વજમાં બદલો. લખ્યુ કે સ્વતંત્રતા દિવસ પહેલા નાગરિકોને ગર્વથી ભરી દેવાની સરકારી પહેલ "હર ઘર તિરંગા"નું ત્રીજું વર્ષ છે. "X" પરની એક પોસ્ટમાં ્રએ લખ્યું, "જેમ જેમ આ વર્ષનો સ્વતંત્રતા દિવસ નજીક આવી રહ્યો છે, ચાલો ફરીથી #HarGharTiranga ને એક યાદગાર જન આંદોલન બનાવીએ. હું મારું પ્રોફાઈલ પિક્ચર બદલી રહ્યો છું અને હું તમને બધાને વિનંતી કરું છું કે તે જ કરીને અમારા ત્રિરંગાની ઉજવણીમાં મારી સાથે જોડાઓ. અને હા, તમારી સેલ્ફી https://harghartiranga.com પર શેર કરો.

## હિજાબ પરથી પ્રતિબંધ ઊઠાવી લેવાનો આદેશ સુપ્રીમ દ્વારા કરાયો

। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

મુંબઈની ખાનગી કોલેજો દ્વારા હિજાબ, ટોપી પહેરવા કે કોઈ બેજ પહેરવા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે આ પ્રતિબંધ સામે સ્ટે મૂકી દેતાં સુપ્રીમ કોર્ટે જોરદાર આંચકો આપ્યો છે. મુંબઈની એન.જી.આચાર્યા અને ડી કે મરાઠા કોલેજની મુસ્લિમ વિદ્યાર્થીનીઓ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ આપતાં આ ચુકાદો આપ્યો હતો. વિદ્યાર્થીનીઓએ બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આગામી ૧૮ નવેમ્બર સુધી હવે હિજાબ પરથી પ્રતિબંધ ઊઠાવી લેવાનો આદેશ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયો છે. જજે કોલેજ વતી હાજર વકીલને પૂછ્યું કે શું કોલેજના વહીવટી તંત્ર દ્વારા છોકરીઓનો ચાંલ્લો કરવા કે તિલક કરવા પર પ્રતિબંધ મૂકાશે? જજે કહ્યું કે વિદ્યાર્થીનીઓને એ વાતની છૂટ હોવી જોઈએ કે તેઓ શું પહેરીને કોલેજ આવે, તેમને દબાણ ન કરવું જોઈએ. આ દુર્ભાગ્યપૂર્ણ છે કે અચાનક જ તમને એવું લાગવા લાગ્યું છે કે દેશમાં ઘણાં બધાં ધર્મો છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને સંજય કુમારની બેન્ચે આ મામલે ચુકાદો આપતી વખતે કોલેજ દ્વારા મૂકવામાં આવેલી શરતો પર દંગ રહી ગયા હતા. જસ્ટિસ ખન્નાએ કોલેજ વતી હાજર વકીલને ફટકાર લગાવતાં કહ્યું કે આ શું છે? આ પ્રકારના નિયમ લાગુ ન કરશો.

## જમ્મુ-કાશ્મીરને ઓક્ટોબરમાં પૂર્ણ રાજ્યનો દરજ્જો મળી શકે

। (એજન્સી) જમ્મુ, તા.૯ ।

કેન્દ્રીય સામાજિક ન્યાય અને આધિકારિક રાજ્ય મંત્રી રામદાસ અઠાવલે કહ્યું છે કે કેન્દ્ર સરકાર આ વર્ષે ઓક્ટોબર મહિના પહેલા જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની જાહેરાત કરી શકે છે. મહારાષ્ટ્ર, ઝારખંડ અને છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણી ઓક્ટોબર પહેલા યોજાવાની છે. આ સ્થિતિમાં લાગી રહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત થઈ શકે છે અને ઓક્ટોબર મહિનામાં ત્યાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાઈ શકે છે. જમ્મુ કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા સાથે શ્રીનગરમાં થયેલી બેઠક દરમિયાન અઠાવલેએ કહ્યું કે, 'કલમ ૩૭૦ હટાવ્યા બાદ અહીં પ્રવાસનનો વિકાસ થયો છે. વિદેશીઓ સહિત ૨.૧૧ કરોડથી વધુ પ્રવાસીઓ અહીં આવ્યા છે. લોકો હવે કાશ્મીર આવવાથી ડરતા નથી. એલજીએ મને કહ્યું છે કે કેટલીક અપ્રિય ઘટનાઓ વચ્ચે હવે શાંતિ સ્થાપિત થઈ રહી છે.' રામદાસ અઠાવલેએ કહ્યું હતું કે, અમારો રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા પક્ષ જમ્મુ અને કાશ્મીરની વિધાનસભા ચૂંટણીમાં ઓછામાં ઓછા ૧૦-૧૫ ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. પાકિસ્તાનના સમર્થનથી આતંકવાદીઓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (POK)થી અહીં ઘૂસણખોરી કરે છે.

## બાંગ્લાદેશમાં હંગામા પાછળ પાકિસ્તાનની ISIનો હાથ

### બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત પહોંચેલા શેખ હસીનાના પુત્રએ પાકિસ્તાન સામે મોટો દાવો કર્યો

। (એજન્સી) ઢાંકા, તા.૯ ।

બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત પહોંચેલા શેખ હસીનાના પુત્રએ પાકિસ્તાન સામે મોટો દાવો કર્યો છે. તેણે બાંગ્લાદેશમાં અરાજકતાની સ્થિતિ માટે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને જવાબદાર ઠેરવી છે. શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયે બાંગ્લાદેશમાં અશાંતિ ફેલાવવા માટે ISIને જવાબદાર ઠેરવ્યું છે અને કહ્યું છે કે તેમાં પાકિસ્તાનનો હાથ છે.શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરવાની સંભાવના વિશે વાત કરતાં તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં લોકશાહી પુનઃસ્થાપિત થતાં જ તેમની માતા તેમના દેશમાં પરત ફરશે. તે ચોક્કસપણે પુનરાગમન કરશે પરંતુ હજુ સુધી તે નક્કી કરવામાં આવ્યું નથી કે તે નિવૃત્ત નેતા તરીકે પરત ફરશે કે સક્રિય નેતા તરીકે. તેમણે કહ્યું કે શેખ મુજીબુર રહેમાનના પરિવારના સભ્યો તેમના લોકો અને તેમની પાર્ટી અવામી લીગને છોડશે નહીં. અવામી લીગ બાંગ્લાદેશની સૌથી મોટી અને જૂની પાર્ટી છે, તેથી આવી સ્થિતિમાં અમે અમારા લોકો તરફ પીઠ ફેરવી શકીએ નહીં.

#### હું મારી માતાની સુરક્ષા માટે ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું : સજીબ વાઝેદ જોય

બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના બાદ તે ચોક્કસપણે પોતાના દેશમાં પરત ફરશે. PM મોદી વિશે શું કહ્યું? તેમણે તેમની માતા શેખ હસીનાની સુરક્ષા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારનો પણ આભાર માન્યો અને બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના માટે દબાણ લાવવા વિનંતી કરી.જોયે કહ્યું કે હું મારી માતાની સુરક્ષા માટે ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું પીએમ મોદીનો આભારી છું. જો ભારત તેના પૂર્વીય ક્ષેત્રમાં સ્થિરતા ઈચ્છે છે તો તેણે આંતરરાષ્ટ્રીય સમુદાય પર દબાણ લાવવું પડશે. બાંગ્લાદેશમાં 'ઈન્ડિયા આઉટ' અભિયાન વિશે વાત કરતા જોયે કહ્યું કે ભારત વિરોધી શક્તિઓ ખૂબ જ સક્રિય છે અને અવામી લીગને સત્તા પરથી હટાવીને આઈએસઆઈ હવે બાંગ્લાદેશને ઈચ્છે તેટલા હથિયારો સપ્લાય કરી શકે છે.તેણે કહ્યું કે હા, એ વાત સાચી છે કે તે (શેખ હસીના) બાંગ્લાદેશ પરત નહીં ફરે. પરંતુ છેલ્લા બે દિવસમાં ઘણું બદલાઈ ગયું છે. હવે અમે અમારા લોકોની સુરક્ષા માટે જે પણ જરૂરી હશે તે કરીશું. અમે તેમને એકલા નહીં છોડીએ.અવામી લીગને ભારતના બારમાસી સાથી ગણાવતા જોયે કહ્યું કે ભારતે આંતરરાષ્ટ્રીય દબાણ બનાવીને બાંગ્લાદેશમાં અવામી લીગના નેતાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. આ સાથે તેમણે મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં રચાયેલી નવી વચગાળાની સરકારને દેશમાં કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે.

સારો થ્રો પરંતુ ગોલ્ડનું સપનું પૂરું ન થયું

## નીરજ ચોપડાએ જેવલીન થ્રો ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો

। (એજન્સી) પેરિસ, તા.૯ ।

ભારતના નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકમાં ભારતને પહેલો સિલ્વર મેડલ અપાવ્યો છે. ટોક્યો ઓલિમ્પિક ચેમ્પિયનથી ભારતને ગોલ્ડની આશા હતી. પરંતુ નીરજે સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચી દીધો છે. મેડલ જીતવા સાથે દેશના બીજો પુરુષ ખેલાડી પણ બની ગયો છે. જેણે ઈન્ડિવીઝ્યુલ ગેમ્સમાં સતત બે ઓલિમ્પિક મેડલ જીત્યા છે. નીરજ પહેલા સુશીલ કુમારેસતત બે ઓલિમ્પિક મેડલ જીત્યા હતા. ડિફેન્ડિંગ ચેમ્પિયન નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકમાં ૮૯.૪૫ મીટર જેવેલિયન થ્રો કર્યો હતો. આ તેનું આ સિઝનનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. નીરજે આ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો




હતો. નીરજના છમાંથી પાંચ થ્રો ફાઉલ હતા. માત્ર તેનો બીજો થ્રો સાચો હતો, જેના કારણે તેને મેડલ મળ્યો. તેણે ટોક્યોમાં ૮૭.૫૮ મીટરના થ્રો સાથે ગોલ્ડ જીત્યો હતો. વડાપ્રધાન મોદીએ પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં દેશ માટે સિલ્વર મેડલ જીતનાર નીરજ ચોપરાને અભિનંદન પાઠવ્યા હતા.

# ધોળકાની સી.વી.મિસ્ત્રી હાઈસ્કૂલ ખાતે શાળાકીય સ્પર્ધાઓ અંતર્ગત અમદાવાદ ગ્રામ્યની જિલ્લા કક્ષા કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ

## અંડર ૧૪,૧૭,૧૯ વયજૂથના ખેલાડીઓ વચ્ચે ત્રણ દિવસ સુધી યોજાશે કબડ્ડી સ્પર્ધાઓ





। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ જિલ્લામાં શાળાકીય સ્પર્ધાઓ (SGFI - સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા)નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ધોળકાની સી.વી.મિસ્ત્રી હાઈસ્કૂલ ખાતે અમદાવાદ ગ્રામ્યની જિલ્લા કક્ષા કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ થયો છે. અમદાવાદ જિલ્લાની શાળાઓના અંડર ૧૪,૧૭,૧૯ વયજૂથના ખેલાડીઓ ત્રણ દિવસ સુધી ચાલનારી જિલ્લા કક્ષા કબડ્ડી સ્પર્ધાઓમાં ભાગ લેશે. વિવિધ વય જૂથના અંદાજીત ૩૦૦ જેટલા ખેલાડીઓ વચ્ચે દરરોજ કબડ્ડી સ્પર્ધાઓ યોજાશે. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, અમદાવાદ અને ગુજરાત રાજ્ય વ્યાયામ મંડળના પ્રમુખ શ્રી રણજીતસિંહ વાઘેલા તથા ટ્રસ્ટીગણ અને શાળાના આચાર્યશ્રીએ આ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો.

### ઝાલોદ તાલુકાના ગુરૂ ગોવિંદધામ કંબોઈ ખાતે

# તાલુકા કક્ષાના વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને કરાઈ

## કંબોઇધામ ખાતે આદિવાસી સંસ્કૃતિની ઓળખ તીર કામઠા આપી સ્વાગત કરાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

ઝાલોદ તાલુકા કક્ષાના આદિવાસી દિવસની ઉજવણી કંબોઈધામ ખાતે ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવી હતી. આજના આ શુભ દિવસે ઉપસ્થિત સહુ લોકો આદિવાસી સંસ્કૃતિના રંગે રંગાઈ ગયા હતા. ઉપસ્થિત સહુ મહેમાનો તેમજ આદિવાસી સમાજના લોકોએ આદિવાસી પહેરવેશમા જોવા મળ્યા હતા. આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે દિપ પ્રાગટ્ય કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. આદિવાસી સંસ્કૃતિને અનુરૂપ સુંદર પ્રોગ્રામ જોવાનો લ્હાવો ઉપસ્થિત સહુ લોકોને મળ્યો હતો. આજના આ શુભ દિવસે આદિવાસી સમાજમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિઓ, કર્મચારીઓ અને શ્રેષ્ઠ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું તેમજ સરકારની વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કરવામા આવ્યા હતા અને લાભાર્થીને લાભપત્ર પણ વિતરણ કરવામાં આવ્યા હતા. આજના પ્રોગ્રામને અનુરૂપ આદિવાસી સમાજની સંસ્કૃતિના પોષાક ડ્રેસ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પહેરીને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી હતી તેમજ આદિવાસી સમાજ દ્વારા અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઝાલોદ પ્રાંત અધિકારી એ કે ભાટિયા,ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ઝાલોદ વિકાસ અધિકારી કે એચ ગઢવી, ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ, જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ, ઝાલોદ શહેર પ્રમુખ ઝાલોદ તાલુકાના ભાજપનાં પ્રમુખ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત સભ્યો, સરપંચઓ, કર્મચારીઓ અને નાગરિકો અને મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# આગામી પાંચ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

રાજ્યમાં આગામી ૭ દિવસ સાર્વત્રિક વરસાદ થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્ય પર ઓફશોર ટ્રફ સક્રિય થતા ૫ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી રાજ્યમાં સામાન્ય કરતા વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી રાજ્યમાં ૫૦૬ મિમી વરસાદ થયો છે. જે સામાન્ય કરતા ૧૫% ટકા વધુ છે. આજે ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે, અત્રે જણાવી દઈએ કે, આજે વરસાદની કોઇ વોર્નિંગ નથી પરંતુ તમામ જિલ્લામાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે.

# વ્યાજખોરોના ટાર્ગેટ પર ૧૦ ટકે આપી ૧૫ ટકાની પઠાણી ઉઘરાણી કરતાં ૨ ઝબ્બે

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ શહેરમાં આર્થિક ગુના નિવારણ શાખાએ લાયસન્સ વિના ઉંચા વ્યાજે ધિરાણ કરનારા ૨ વ્યાજખોરની ધરપકડ કરી છે. આ બંને આરોપી ઓનલાઈન ખાતાવાહી એપ્લિકેશન મારફતે ધિરાણ આપીને ઊંચું વ્યાજ વસૂલતા હોવાની આર્થિક નિવારણ શાખાને બાતમી મળી હતી. જે બાતમીના આધારે EOWએ અલ્લારખા અબ્દાલ અને સઈદ શેખ નામના ૨ આરોપીની ધરપકડ કરી છે. જે બાદ બંને આરોપીનો મોબાઈલ ચેક કરતાં અલ્લારખાએ ૩.૯૯ લાખ અને સઈદે ૫.૬૮ લાખ રૂપિયા વ્યાજે આપ્યા હોવાનો ખુલાસો થયો છે.

### ફરાળી લોટ અને ફરાળી વાનગીઓના સેમ્પલ લેવામાં આવ્યા

# સુરતમાં ભેળસેળ અટકાવવા આરોગ્ય વિભાગ દ્વારા તપાસ સાથે કડક કાર્યવાહીના આદેશ

## સેમ્પલો પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી ચકાસવામાં આવશે જો લોટમાં ભેળસેળ જણાશે તો વિક્રેતાઓ પર કડક કાર્યવાહીના આદેશ અપાયા

। (એજન્સી) સુરત, તા.૯ ।

સુરતમાં આરોગ્ય વિભાગ દ્વારા આજે ફરાળી લોટના સેમ્પલ લેવામાં આવ્યા હતા. હાલ શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે.જેથી મોટાભાગના લોકો ઉપવાસ દરમિયાન ફરાળી લોટની વાનગીઓ આરોગતા હોય છે ત્યારે આ ફરાળી લોટમાં કોઈપણ જાતની ભેળસેળ કરવામાં આવી નથી તે તપાસવા માટે આજે આઠ ઝોનમાં આઠ ટીમો બનાવી મનપાના આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલો લેવામાં આવ્યા છે અને આ સેમ્પલો પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી ચકાસવામાં આવશે જો લોટમાં ભેળસેળ જણાશે તો વિક્રેતાઓ પર કડક કાર્યવાહીના આદેશ અપાયા છે.

હાલમાં પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે. આપણે જાણીએ છીએ તેમ મોટા ભાગના લોકો શ્રાવણ માસમાં ભગવાન શિવની આરાધના માટે ઉપવાસ કરતા



હોય છે અને આ ઉપવાસ દરમિયાન ફરાળી વાનગીઓ આરોગતા હોય છે. પરંતુ ઘણી વખત આ ફરાળી લોટ અને વસ્તુઓમાં ભેળસેળ કરવામાં આવતી હોવાનું સામે આવ્યું છે. ત્યારે આજે સુરતના આરોગ્ય વિભાગ દ્વારા ફરાળી લોટના સેમ્પલ લેવામાં આવ્યા હતા. સુરતના આઠ ઝોનમાં આઠ જેટલી ટીમો બનાવી ફરાળી લોટના જેમ કે રાજગરાનો લોટ, શિંગોડાનો લોટ અને અન્ય વસ્તુઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને આ સેમ્પલ પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા છે. આ મામલે ફૂડ સેફ્ટી ઓફિસર સમિત દેસાઈએ જણાવ્યું હતું કે, આજે વહેલી સવારથી આઠ ઝોનમાં આરોગ્ય વિભાગની આઠ જેટલી ટીમો દ્વારા ફરાળી લોટ અને ફરાળી વાનગીઓના સેમ્પલ લેવામાં આવ્યા છે. શ્રાવણ મહિના દરમિયાન મોટાભાગના લોકો ઉપવાસમાં ફરાળી વસ્તુઓ આરોગતા હોય છે. ત્યારે આ ફરાળી વસ્તુઓમાં કોઈપણ જાતની ભેળસેળ કરવામાં આવતી નથી તે તપાસવા માટે આજે સેમ્પલોની કાર્યવાહી કરાય છે. આ તમામ સેમ્પલો પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલવામાં આવશે અને ત્યાંના રિપોર્ટ બાદ જો કોઈ ભેળસેળ જણાશે તો તે સંસ્થાના વિક્રેતા પર કડક કાર્યવાહી કરવામાં આવશે અને દંડની સજા પણ કરવામાં આવશે.

# GST વિભાગે ઉમરેઠમાં લોખંડી પેઢીમાં દરોડા પાડ્યા

। (એજન્સી) આણંદ, તા.૯ ।

રાજ્ય GSTની ટીમે આણંદ જિલ્લાના ઉમરેઠમાં કાગળ અને લોખંડનો વેપાર કરતી ટ્રેડિંગ ફર્મ ટી એ મણિ એન્ડ સન્સ પર દરોડા પાડ્યા છે. છેલ્લા બે કલાકથી ઓફિસમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે. ઉમરેઠમાં છેલ્લા ઘણા સમયથી વેપારીઓ દ્વારા બિલની ચુકવણી ન થતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. જે અંતર્ગત રાજ્યના GST વિભાગે ઉમરેઠમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આણંદ જિલ્લાના તાલુકા ઉમરેઠનગરના કોર્ટ રોડ પર આવેલ કંસારા બજારમાં એક વાસણની દુકાનમાં GST વિભાગે દરોડો પાડ્યો હતો. જીએસટી વિભાગના દરોડાના સમાચાર શહેરમાં ફેલાતાની સાથે જ કેટલાક કરચોરી કરતા વેપારીઓ ધંધા-રોજગાર બંધ કરીને ફરાર થઈ ગયા હતા. જો કે, વાસણોનો વેપારી ત્યાં GSTની ચોરી કરતા પકડાયો હતો કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

સિલ્ક સિટી તરીકે પ્રખ્યાત આણંદ જિલ્લાના ઉમરેઠ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કેટલાક મોટા વેપારીઓ દ્વારા નકલી બિલિંગ દ્વારા GSTની ચોરીની ફરિયાદો ઉઠી છે. થોડા સમય પહેલા જીએસટી વિભાગે શહેરના એક જાણીતા પાન-મસાલા અને બીડી-સિગારેટના વેપારી પર દરોડા પાડ્યા હતા. આ પછી વડોદરાની ટીમે સિલ્ક સિટી ઉમરેઠના કંસારા માર્કેટમાં વાસણોના જાણીતા વેપારીને ત્યાં તપાસ હાથ ધરી હતી. નગરના કેટલાક વેપારીઓ પાસેથી નકલી બિલિંગ દ્વારા GST કરચોરીની ફરિયાદ મળતાં GST વિભાગના અધિકારીઓએ ત્યાંના વાસણોના વેપારીના ખાતાની તપાસ કરી હતી.

બીજી તરફ શહેરમાં જીએસટી વિભાગના દરોડાના સમાચાર મળતાની સાથે જ નકલી બિલિંગ કરતા કેટલાક મોટા વેપારીઓ પોતાની દુકાનો બંધ કરીને ફરાર થઈ ગયા હતા. સાંજ સુધીમાં GST વિભાગે હિસાબો એકત્રિત કરી તપાસ કરી હતી. પરંતુ વાસણોના વેપારીના સ્થળે કોઈ કરચોરી પકડાઈ છે કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી.

# પરિણીત પ્રેમીની બે વર્ષની દીકરીની હત્યા કરનાર પ્રેમિકાને આજીવન કેદ

। (એજન્સી) મોરબી, તા.૯ ।

મોરબીમાં એક પરિણીત પુરુષ પોતાની બે વર્ષની દીકરીને લઈને પ્રેમિકા સાથે ભાગી ગયો હતો. એ પછી પુરુષે દીકરીને પ્રેમિકાને સોંપી હતી. જો કે પ્રેમિકા એવી મહિલાએ બાળકીનું ગળું દબાવી હત્યા કરી નાંખી હતી. આ કેસમાં મહિલા આરોપી વિરુદ્ધ ચાર્જશીટ રજૂ થયું હતું. આ મામલે કોર્ટે મહિલા આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ કેસની વિગત એવી છે કે, ગત તા. ૦૨-૦૩-૨૦૧૯ ના રોજ સુરતના રહેવાસી રીનાબેન ધવલભાઈ ત્રિવેદી નામની મહિલાએ આરોપી પતિ ધવલભાઈ માધવલાલ ત્રિવેદી, તેની પ્રેમિકા રસ્મીબેન દિવ્યેશભાઈ વરિયાવાલા, ફરિયાદીના જેઠ સંજયભાઈ ત્રિવેદી અને સસરા માધવલાલ ત્રિવેદી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જેમાં પતિ ધવલ ત્રિવેદીએ તેની પ્રેમિકા રસ્મીબેન સાથે દીકરી યસ્વી (ઉ.વ.૦૨ વર્ષ ૭ માસ) લઈને ભાગી ગયો હતો. જેમને જેઠ અને સસરાએ મદદ કરી હતી. એ પછી મહિલા આરોપી રશ્મિબેને યસ્વીનું મોઢું સોફામાં દબાવી પછાડી દઈને ઈજા કરી મોત નીપજાવ્યું હતું.

જે બનાવ મામલે બી ડીવીઝન પોલીસે હત્યાની ફરિયાદ નોંધી હતી. જે ગુનામાં તપાસ દરમિયાન આરોપી ધવલભાઈ ગુનાના બનાવ સ્થળે હાજર નહિ હોવાનું અને પોતાની બાંધકામની સાઈટ પર હોવાનું સામે આવ્યું હતું.

જ્યારે આરોપી સંજય અને માધવલાલ બંને અમદાવાદ સોલા હાઈકોર્ટ ખાતે હોવાનું ફલિત થયું હતું. જેથી ત્રણેય વિરુદ્ધ સબળ પુરાવો ના હોવાથી ચાર્જશીટ કરવામાં આવી ના હતી

પોલીસે મહિલા આરોપી રશ્મી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. જે હત્યા કેસ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ, મોરબીની કોર્ટમાં ચાલી ગયો હતો.

તમામ પુરાવા અને દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપી રસ્મીબેન દિવ્યેશભાઈ વરિયાવાળાને આઈપીસી કલમ ૩૦૨ મુજબના ગુનામાં કસુરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂ. ૧૦ હજારનો દંડ તેમજ દંડ ના ભરે તો વધુ ૬૦ દિવસની સજા ફટકારી છે તેમજ આઈપીસી કલમ ૩૨૩ મુજબના ગુનામાં બે માસની કેદની સજા અને રૂ.૧૦૦૦નો દંડ ફટકાર્યો છે.

# વેરાવળ પાસે નદીમાં નહાતા ચાર ડૂબ્યા, એકનું મોત, ત્રણનો બચાવ

। (એજન્સી) વેરાવળ, તા.૯ ।

વેરાવળ નજીકના બીજ ગામે સરસ્વતી નદીમાં નાહવા પડેલા ચાર યુવકો ડૂબવા લાગ્યા હતા. જે પૈકી એક યુવક પાણીમાં ગરકાવ બનતાં મોતને ભેટ્યો હતો. જ્યારે અન્ય ત્રણ યુવકોનો બચાવ થયો હતો. આજે બપોરે એકાદ વાગ્યાના સુમારે બીજ ગામે રહેતા પિયુષ જેસાભાઈ પંડિત નામનો ૨૦ વર્ષીય યુવક તેમના અન્ય ત્રણ મિત્રો સાથે બીજ ગામે પસાર થતી સરસ્વતી નદીના ચેક ડેમ પર નાહવા ગયા હતા. જ્યાં નહાતી વખતે અકસ્માતે ચારેય યુવકો પાણીમાં ડૂબવા લાગ્યા હતા. જોકે અન્ય ત્રણ યુવકો બહાર નીકળી ગયા હતા. જ્યારે પિયુષ પંડિત પાણીમાં ડૂબવા લાગ્યો હતો. બચી ગયેલા ત્રણેય યુવકો દ્વારા તાત્કાલિક ગ્રામજનોને જાણ કરવામાં આવી હતી. પ્રથમ ગ્રામજનોએ યુવકને બચાવવાના પ્રયત્નો કર્યા હતા. જે બાદ ગ્રામજનો દ્વારા તાત્કાલિક તંત્રને જાણ કરવામાં આવતાં વેરાવળ તાલુકા વિકાસ અધિકારી ભાવસિંહ પરમાર મામલતદાર એસ.કે શ્રીમાળી તેમજ પ્રભાસ પાટણ પોલીસનો સ્ટાફ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. વેરાવળ ફાયર ફાઈટરની ટીમ દ્વારા ફાઈબર બોટ મારફતે પાણીમાં લાપતા બનેલા યુવકની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. અંદાજે એકાદ કલાકની શોધખોળ બાદ ચેકડેમથી ૫૦૦ મીટર દૂર યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. તંત્ર દ્વારા તાત્કાલિક યુવકના મૃતદેહને વેરાવળ સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

# નડિયાદના કોન્સ્ટેબલની એસીબીની જાળમાં રંગેહાથ ફસાતા ચકચાર

। (એજન્સી) નડિયાદ,તા.૯ ।

આ કેસની વિગત મુજબ અમેરિકામાં રહેતા પોતાના દિકરાને મળવા તેના પિતાને અમેરિકા જવું હતું. પરંતુ પાસપોર્ટક્યાંકગૂમથઈગયોહતો.આથીનવો પાસપોર્ટકઢાવવામાટેફરિયાદીપિતાએનવો પાસપોર્ટકઢાવવામાટેભારતીયએમ્બેસીમાં અરજી કરી હતી. દરમિયાન અમેરિકાની ભારતીય એમ્બેસીમાંથી ભારતમાં પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ સંદર્ભે ઈક્વાયરી આવી હતી. જેને કારણે ફરિયાદીએ ખેડા નડિયાદ એસપી ઓફિસમાં એલઆઈબી શાખામાં ફરજ બજાવતા એએસઆઈ ભરતગિરીઈશ્વરગિરી ગોસ્વામીનો સંપર્ક સાધ્યો હતો.

જેમાં ગોસ્વામીએ આ અંગેનુ સર્ટિફિકેટ ઉપિયાદીના દિકરાની તરફેણમાં આપવા માટે કોન્સ્ટેબલ ગોસ્વામીએ ૪૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જોકે ફરિયાદીએ રકમ મોટી હોવાનું જણાવતા અંતે રકઝક કર્યા બાદ રૂ.૫,૦૦,૦૦૦ રૂપિયા આપવાનું નક્કી કર્યું હતું. બીજીતરફ ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણેએન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)નો સંપર્ક સાધ્યો હતો.

જેને પગલે એસીબીના અધિકારીઓએ ૮ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ નડિયાદના ઉત્તરસંડા સ્ટેશન રોડ પર લાલના કુવા પાસે જાળ બિછાવી હતી.

જેમાં એએસઆઈ ભરતગિરી ગોસ્વામી ફરિયાદીના ઘરે આવીને તેમની પાસેથી પાંચ લાખ રૂપિયાની લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

## વિશેષ

### ધરતીને આપણે માતા કહીએ, માતાને ઝેર અપાય ખરું ? : ખેડૂત જગદીશસિંહ વાઘેલા

# રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતીના માર્ગે વળેલા સાણંદના ખોડા ગામના ખેડૂત જગદીશસિંહ વાઘેલા

। વિવેક, કુલદીપ (પ્રાદેશિક માહિતી કચેરી) અમદાવાદ ।

ધરતીને આપણે માતા કહીએ, માતાને ઝેર અપાય ખરું ?- આ વાક્ય સાંભળતા જ તેમની જમીન પ્રત્યેની લાગણી અને જમીન સાથેનું જોડાણ વ્યક્ત થઈ આવે. આ માન્યતા સાથે ખેતી કરી રહ્યા છે અમદાવાદના સાણંદ તાલુકાના ખોડા ગામના ખેડૂત શ્રી જગદીશસિંહ વાઘેલા. જમીનના જતનને તેમણે જીવનનો ધ્યેય બનાવી લીધો છે. અગાઉ તેઓ રાસાયણિક ખેતી કરતા હતા પરંતુ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને સુભાષ પાલેકરજીની પ્રાકૃતિક ખેતીની ઝુંબેશથી પ્રેરાઈને તેમણે વર્ષ ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

હાલમાં જગદીશસિંહ સમગ્ર અમદાવાદ જિલ્લામાં પ્રાકૃતિક ઢબે ડાંગરનું સૌથી વ્યાપક વાવેતર કરનાર ખેડૂત છે. તેઓ ૬૦ વીઘા જમીનમાં વાવેતર કરી ઉત્પાદન મેળવી રહ્યા છે. ખૂબ ચોકસાઈથી પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામોનું પાલન કરી તેઓ ખેતી કરે છે. તેમના ખેતરમાં રોપેલા ડાંગરના ચમકતા છોડ જ તેની ઉત્તમ ગુણવત્તાનું પ્રમાણ આપે છે. કારણ કે આ છોડ રાસાયણિક ખાતરના જરાં સરખા સ્પર્શ વગર પ્રાકૃતિક કૃષિના આયામ એવા બીજામૃતથી સંસ્કારીત થયેલા છે.

જગદીશસિંહ કૃષ્ણકમોદ ડાંગરનું વાવેતર કરે છે. જેના વિશે વિગતવાર વાત કરતા તેમણે જણાવ્યું કે, રોપણી બાદ તેઓ પાકને સમયે-સમયે પાણી સાથે



તેઓ ગૌમૂત્ર, ગાયનું છાણ, શેઢાની માટી, ચણાનો લોટ અને પાણીના મિશ્રણથી બનતું જીવામૃત આપે છે. તદુપરાંત ડાંગરમાં જીવજંતુ કે રોગનો ઉપદ્રવ ન રહે તે માટે તેઓ સમયાંતરે નિમાસ્ત્ર અને દસપર્ણી અર્કનો ઉપયોગ પણ કરે છે.

ઓછા ખર્ચે ૬૦ વીઘા જેટલા વિશાળ વિસ્તારમાં તેઓ ડાંગરનું સારા પ્રમાણમાં વાવેતર થવાને પગલે ઉત્પદાન પણ સારું મળે છે. વીઘે તેમને ૨૫થી ૩૦ મણનો ઉતારો મળે છે. જેનું મૂલ્યવર્ધન કરાવીને તેઓ ગુણવત્તાયુક્ત ચોખા તૈયાર કરાવે છે. આ ચોખાનું પેકેજિંગ કરીને તેઓ શહેરી વિસ્તારમાં વેચાણ કરે છે. ચોખાની ગુણવત્તા વિશે વાત કરતા જગદીશસિંહ કહે છે કે, પ્રાકૃતિક રીતે ઉત્પાદિત થયેલા આ ચોખા બજારમાં મૂકતા જ મહેકી ઉઠે તેવા હોય છે. જેથી શહેરી વિસ્તારોમાંથી સિઝનના ચોખાનું એડવાન્સ બુકિંગ થઈ જાય છે. ઘણીવખત તો વધુ પ્રમાણમાં ઓર્ડર મળતા હોવાથી તમામ ગ્રાહકોને પુરવઠો પૂરો પાડી શકાતો નથી. જગદીશસિંહનું માનવું છે કે, તેઓ પ્રાકૃતિક ખેતીના માધ્યમથી ધરતી માતાને સાચવે છે અને ધરતી માતા ગુણવત્તાયુક્ત ઉત્પાદન આપીને તેમનો વ્યવહાર સાચવી લે છે. એટલું જ નહીં પ્રાકૃતિક ખેતીથી મેળવેલા સારા પરિણામો વિશે અન્ય ખેડૂતોને જણાવી તેઓ તેમને પણ આ અભિયાનમાં જોડી રહ્યા છે. આમ, જગદીશસિંહની જેમ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ધરતી માતાની અને હજારો લોકોના સ્વાસ્થ્યની દરકાર કરી પરોક્ષ રીતે પુણ્યનું ભાથું બાંધી રહ્યા છે.

# પીએમ મોદીએ મોહમ્મદ યુનુસને વચગાળાની સરકારની રચના પર અભિનંદન આપ્યા

## ઘણા દિવસોની અશાંતિ અને રાજકીય ઉથલપાથલ બાદ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી છે






। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ઘણા દિવસોની અશાંતિ અને રાજકીય ઉથલપાથલ બાદ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી છે. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસે ગુરુવારે દેશમાં વચગાળાની સરકારના વડા તરીકે શપથ લીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શપથગ્રહણ બાદ મુહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા છે અને બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત તમામ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ કરી છે. પીએમ મોદીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'પ્રોફેસર મુહમ્મદ યુનુસને તેમની નવી જવાબદારીઓ સંભાળવા પર મારી શુભેચ્છાઓ. અમે હિંદુઓ અને અન્ય તમામ લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરીને સામાન્ય સ્થિતિમાં વહેલા પાછા આવવાની આશા રાખીએ છીએ. શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે બંને દેશોના લોકોની સહિયારી આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે ભારત બાંગ્લાદેશ સાથે કામ કરવા પ્રતિબદ્ધ છે.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ મુહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે દેશમાં શાંતિની વહેલી પુનઃસ્થાપના એ સમયની જરૂરિયાત છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક ફોટો પોસ્ટ કરતા રાહુલે કહ્યું, 'પ્રોફેસર મુહમ્મદ યુનુસને બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા તરીકે શપથ લેવા બદલ અભિનંદન.' તેમણે લખ્યું, 'શાંતિ અને સામાન્યતાની ઝડપી પુનઃસ્થાપના એ સમયની જરૂરિયાત છે.'તમને જણાવી દઈએ કે પાડોશી દેશમાં હિંસક વિરોધ પ્રદર્શન બાદ શેખ હસીનાએ પીએમ પદ પરથી રાજીનામું આપી દેશ છોડી દીધો હતો. આ ઘટનાના ત્રણ દિવસ બાદ યુનુસે રખેવાળ સરકારના વડા તરીકે શપથ લીધા હતા. બાંગ્લાદેશની વચગાળાની સરકારને દેશમાં નવી ચૂંટણીઓ કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. ૮૪ વર્ષીય અર્થશાસ્ત્રી યુનુસને વચગાળાની સરકારના વડા તરીકે વિદ્યાર્થી વિરોધીઓનું સમર્થન મળ્યું છે. તે ગુરુવારે પેરિસથી ઢાકા પરત ફર્યો હતો. એરપોર્ટ પર મીડિયા સાથે વાત કરતા યુનુસે કહ્યું, 'અમારા વિદ્યાર્થીઓ અમને જે પણ રસ્તો બતાવશે, અમે તે જ માર્ગ પર આગળ વધીશું.' બાંગ્લાદેશના નવા વડા બનેલા મોહમ્મદ યુનુસ નોબેલ પુરસ્કાર મેળવનાર ૩૨મા વ્યક્તિ બની ગયા છે અને હવે તેઓ રાજ્યના વડા તરીકેની જવાબદારી નિભાવશે. આ પહેલા આખી દુનિયામાં અન્ય ૩૧ લોકો એવા છે જેમને નોબેલ પુરસ્કાર પણ મળ્યો છે અને તેમણે રાજ્યના વડાની ભૂમિકા પણ ભજવી છે.ગરીબોના બેંકર તરીકે જાણીતા યુનુસ અને તેમના દ્વારા સ્થાપિત ગ્રામીણ બેંકને ૨૦૦૬માં નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો છે. તેમણે ગ્રામીણ ગરીબોને $100 કરતાં ઓછી રકમની નાની લોન આપીને લાખો લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં મદદ કરી. આ ગરીબ લોકોને મોટી બેંકો તરફથી કોઈ મદદ મળી શકી નથી. તેમના ધિરાણ મોડેલે વિશ્વભરમાં આવી ઘણી યોજનાઓને પ્રેરણા આપી. જેમાં અમેરિકા જેવા વિકસિત દેશોનો પણ સમાવેશ થાય છે. અમેરિકામાં યુનુસે એક અલગ બિન-લાભકારી સંસ્થા ગ્રામીણ અમેરિકા પણ શરૂ કરી. ૮૪ વર્ષીય યુનુસ જેમ જેમ સફળ થયા તેમ તેમ રાજકારણમાં કારકિર્દી બનાવવા તરફ તેમનો ઝુકાવ વધતો ગયો. તેમણે ૨૦૦૭માં પોતાની પાર્ટી બનાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. પરંતુ જ્યારે તેની મહત્વાકાંક્ષાએ મોટું સ્વરૂપ લેવાનું શરૂ કર્યું ત્યારે શેખ હસીના ગુસ્સે થઈ ગયા. હસીનાએ યુનુસ પર 'ગરીબોનું લોહી ચૂસવાનો' આરોપ પણ લગાવ્યો હતો.

### નિર્ણયનો અમલ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪થી શરૂ થશે

## ગુડ મોર્નિંગને બદલે હવે સ્કૂલનાં બાળકો બોલશે "જય હિંદ"

। (એજન્સી) ચંદીગઢ, તા.૯ ।

ભારત ૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યું છે. દેશભરમાં આ દિવસની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. દરમિયાન, સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને હરિયાણા સરકારે મોટો નિર્ણય લીધો છે. હરિયાણાની નાયબ સિંહ સૈની સરકારે કહ્યું છે કે હવે રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓએ સવારે ગુડ મોર્નિંગને બદલે જય હિન્દ બોલવું પડશે. સરકારના આ નિર્ણયનો અમલ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪થી શરૂ થશે. આવો જાણીએ હરિયાણા સરકારે આ નિર્ણય પાછળ શું કારણ આપ્યું છે. હરિયાણા સરકાર દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે આ સ્વતંત્રતા દિવસથી તમામ શાળાઓમાં ગુડ મોર્નિંગની જગ્યાએ જય હિંદ બોલવામાં આવશે. શાળા શિક્ષણ નિયામકના આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ પગલાનો હેતુ વિદ્યાર્થીઓમાં "દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ઊંડી ભાવના જગાડવાનો" છે. હરિયાણા સરકારના આદેશમાં કહેવામાં આવ્યું છે કે જય હિંદનો નારા સુભાષ ચંદ્ર બોઝે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આપ્યો હતો. ભારતની સશસ્ત્ર દળોએ પણ જય હિંદને સલામી તરીકે સ્વીકારી હતી. સરકારે કહ્યું છે કે હવે શાળાઓમાં ગુડ મોર્નિંગને બદલે જય હિંદ બોલવામાં આવશે. આનાથી વિદ્યાર્થીઓ દરરોજ રાષ્ટ્રીય એકતાની ભાવના સાથે પ્રેરિત થશે.

### અધ્યક્ષ જગદીપ ધનખડે જયા બચ્ચનને કહ્યું

## તમે ભલે સેલિબ્રિટી હશો, પણ સંસદની ગરિમાનું ધ્યાન રાખો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

તાજેતરની લોકસભા ચૂંટણીમાં શાસક યુતિને હરાવી નહીં શકેલા વિપક્ષો હવે લોકસભા અને રાજ્યસભાના અધ્યક્ષો, ચૂંટણીપંચ, ઈડી, સીબીઆઈ વગેરે સંસ્થાઓને નિશાન બનાવી રહ્યા છે. આ જ કારણે સંસદના વર્તમાન સત્રમાં લોકસભા અને રાજ્યસભાના અધ્યક્ષોએ વિપક્ષીઓના હોબાળા સામે આકરું વલણ લેવું પડે છે. હજુ ગઈકાલે જ, અર્થાત ગુરુવારે તો રાજ્યસભામાં હદ થઈ ગઈ હતી. ટીએમસીના ડેરેક ઓબ્રાયન સહિત અમુક વિપક્ષી સાંસદોએ રાજ્યસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડનું એ હદે અપમાન કર્યું કે ધનખડ વ્યથિત થઈને ચાલુ સંસદે ઊભા થઈને તેમની ચેમ્બરમાં ચાલ્યા ગયા હતા. આજે શુક્રવારે પણ રાજ્યસભામાં ફરીથી આવાં દૃશ્યો સર્જાયાં હતા. સમાજવાદી પક્ષના સાંસદ અને ભૂતપૂર્વ અભિનેત્રી જયા બચ્ચન તથા અધ્યક્ષ જગદીપ ધનખડ વચ્ચે તનાતની થઈ ગઈ હતી. પોતાની બેફામ વર્તણૂક માટે જાણીતા સપા સાંસદ જયા બચ્ચને ગૃહના અધ્યક્ષ ઉપર ખોટા આક્ષેપો કરીને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. જયા બચ્ચને પોતાના વક્તવ્ય દરમિયાન કહ્યું, "હું જયા અમિતાભ બચ્ચન કહેવા માગું છું કે હું કલાકાર છું.

# હોકીમાં બ્રોન્ઝ જીત્યા બાદ ખેલાડી રાજકુમાર પાલના ગામમાં ઉજવણી

### પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ માટે સ્પેન સામેની જીત બાદ રાજકુમાર પાલના ગામમાં ખુશીનો માહોલ છે, પિતાને યાદ કરીને ભાવુક, ભાઈએ અભિનંદન પાઠવ્યા...

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।



ભારતીય હોકી ટીમે ઓલિમ્પિકમાં ઈતિહાસ રચ્યો છે. ટીમે બ્રોન્ઝ મેડલ મેચમાં સ્પેનને ૨-૧થી હરાવીને સતત બીજી ઓલિમ્પિકમાં મેડલ જીત્યો છે. ભારત માટે આ એક મોટી ઉપલબ્ધિ છે. સ્પેન સામેની જીત બાદ રાજકુમાર પાલના ગામમાં ખુશીનો માહોલ છે. જીત અંગે તેના મોટા ભાઈએ કહ્યું કે હજુ પણ અપેક્ષાઓ હતી અને આ આશા અને વધુ સારા પ્રદર્શનની મદદથી અમે મેચ જીતી લીધી.બીજી તરફ પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ માટે સ્પેન સામેની જીત બાદ રાજકુમાર પાલના ગામમાં ખુશીનો માહોલ છે. જીત અંગે તેના મોટા ભાઈએ કહ્યું કે હજુ પણ અપેક્ષાઓ હતી અને આ આશા અને વધુ સારા પ્રદર્શનની મદદથી અમે મેચ જીતી લીધી. તેમના ગ્રામજનોએ ટીમને જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. જીત બાદ રાજકુમાર પાલે પોતાના મોટા ભાઈ સાથે વીડિયો કોલ દ્વારા વાત કરી હતી. આ દરમિયાન મોટા ભાઈએ તેમને અભિનંદન પાઠવ્યા છે. કોચ ઈન્દ્રદેવ અને પૂજાએ તેમના બંને સ્ટેડિયમ ખેલાડીઓ લલિત ઉપાધ્યાય અને રાજકુમાર પાલ સહિત ટીમ ઈન્ડિયાને અભિનંદન પાઠવ્યા છે. રાજકુમાર પાલના મેઘબરન સિંહ સ્ટેડિયમની મહિલા કોચ પૂજા સિંહ, રાજકુમાર પાલના કોચ ઈન્દ્રદેવ, સ્ટેડિયમ ઓપરેટર અને ડિરેક્ટર અનિકેત, મેનેજર અને ભૂતપૂર્વ સાંસદ રાધેય મોહન સિંહ અને જોખન પાલે આજતક સાથે વાત કરી હતી.રાજકુમાર પાલના ભાઈ જોકન પાલ તેમના સ્વર્ગસ્થ પિતાને યાદ કરીને ભાવુક બની ગયા હતા. તેણે કહ્યું કે રાજકુમાર અમને બારીમાંથી રમતા જોતા હતા અને આજે તે બારીમાંથી જોતા જોતા ક્યાં પહોંચી ગયા. મોટા ભાઈ અને સ્ટેડિયમ ઓપરેટર અનિકેતે જણાવ્યું કે રાજકુમાર પાલ ડેપ્યુટી એસપી બનશે. તે જ સમયે, આ જીતને લઈને ખેલાડીઓ મનપ્રીત સિંહ અને મનદીપ સિંહના ઘરમાં ખુશીનો માહોલ છે. મીડિયા સાથે વાત કરતા મનદીપના પિતાએ કહ્યું કે જર્મની સામેની હાર બાદ થોડી નિરાશા હતી, પરંતુ આજે સ્પેન સામેની મેચ જીતીને હોકી ટીમે ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો છે.



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ SC/STમાં ક્રીમી લેયરને ઓળખવા અંગેના SCના નિર્ણય અંગે SC/ST સાંસદોના પ્રતિનિધિ મંડળને મળ્યા.

### ૧૧૩ કરોડની સંપત્તિ જપ્ત કરવામાં આવી

## લાલુ યાદવના નજીકના અમિત કાત્યાલ સામે EDની કાર્યવાહી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુ પ્રસાદ યાદવના કથિત નજીકના સાથી અમિત કાત્યાલ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી હતી. તપાસ એજન્સીએ કહ્યું કે અમિત કાત્યાલની ૭૦ એકર જમીન અને ગુરુગ્રામમાં ફ્લેટ, મુંબઈમાં કેટલાક રહેણાંક એકમો, દિલ્હીમાં એક ફાર્મહાઉસ અને તેની રિયલ્ટી કંપનીઓની ફિક્સ ડિપોઝિટ એન્ટી મની લોન્ડરિંગ કાયદા હેઠળ જપ્ત કરવામાં આવી છે. કેન્દ્રીય એજન્સીની તપાસ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ (ડીટીસીપી) પાસેથી કોઈપણ લાઈસન્સ મેળવ્યા વિના પ્રમોટરો અને તેમની કંપનીઓ દ્વારા પ્લોટ ખરીદનારાઓના નાણાં ગેરકાયદેસર રીતે ડાયવર્ઝનથી સંબંધિત છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ૬ ઓગસ્ટે અમિત કાત્યાલ, ક્રિશ રિયલટેક પ્રાઈવેટ લિમિટેડ અને બ્રહ્મા સિટી પ્રાઈવેટ લિમિટેડના કેસમાં રૂ. ૧૧૩.૦૩ કરોડની સંપત્તિ જપ્ત કરવા માટે કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો હતો, એમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક નિવેદનમાં જણાવ્યું હતું. પીટીઆઈ અનુસાર જારી કરવામાં આવી હતી. જણાવી દઈએ કે, કાત્યાલની ગયા વર્ષે કેન્દ્રીય એજન્સી દ્વારા રેલ્વેના કથિત જમીન કૌભાંડ સાથે સંબંધિત એક અલગ મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, જેમાં લાલુ યાદવ, તેમની પત્ની રાબડી દેવી, પુત્ર અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવની ધરપકડ કરવામાં આવી હતી. સાંસદ પુત્રી મીસા ભારતી વગેરેનો સમાવેશ થાય છે. અટેચ કરેલી મિલકતોમાં ગુરુગ્રામના સેક્ટર ૬૩ અને ૬૫ (નાંગલી ઉમરપુર, ઉલ્લાવાસ, મૈદાવાસના ગામો)માં ૭૦ એકર જમીન, ક્રિશ પ્રોવિન્સ એસ્ટેટ નામના રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં પાંચ ફ્લેટ અને ગુરુગ્રામમાં ક્રિશ ફ્લોરેન્સ એસ્ટેટમાં સાત ફ્લેટ્સનો સમાવેશ થાય છે. બેનામી ડિરેક્ટરોના નામ અને મુંબઈમાં બેનામી કંપનીના બે ફ્લેટનો સમાવેશ થાય છે.તમને જણાવી દઈએ કે એજન્સીએ માર્ચમાં આ મામલામાં સર્ચ હાથ ધર્યું હતું અને દાવો કર્યો હતો કે તેણે ૨૦૦ કરોડ રૂપિયાના વિદેશી રોકાણ સાથે સંબંધિત દસ્તાવેજો રિકવર કર્યા છે, રોકાણકારોના પૈસાનો કથિત રીતે શ્રીલંકા અને સેન્ટ કિટ્સ એન્ડ નેવિસની એક હોટલમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. સહ-લક્ઝરી રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ શેલ કંપનીઓ દ્વારા પાસપોર્ટ મેળવવાનો હતો.

### ભારત સરકારે હિન્દુઓની સુરક્ષા માટે લીધો નિર્ણય

## ભારત સરકારે બાંગ્લાદેશમાં થઈ રહેલ હુમલાઓ અંગે સમિતિની રચના કરી

### બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતી સમુદાયના લોકો પર થઈ રહેલ હુમલાઓ અંગે આ સમિતિ સમીક્ષા કરશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

બાંગ્લાદેશમાં સત્તાપલટો બાદ વચગાળાની સરકારનું ગઠન કરવામાં આવ્યું છે. જોકે હજુ પણ દેશમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર છે. બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયના લોકો પર સતત હુમલાના અહેવાલ આવી રહ્યા છે. ત્યારે ભારત સરકારે આ મુદ્દે સમિતિની રચના કરી છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતી સમુદાયના લોકો પર થઈ રહેલ હુમલાઓ અંગે આ સમિતિ સમીક્ષા કરશે. આટલું જ નહીં હિન્દુઓ તથા લઘુમતીઓની સુરક્ષા મામલે ગૃહ મંત્રાલય બાંગ્લાદેશની વચગાળાની સરકાર સાથે સીધો સંવાદ કરશે. આ સમિતિ ભારત બાંગ્લાદેશ સરહદની પરિસ્થિતિ પર પણ નજર રાખશે. ગૃહ મંત્રી અમિત શાહે આ મુદ્દે ઠ પર પોસ્ટ કરતાં કહ્યું હતું, કે 'બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિને જોતાં ભારત સરકારે સમિતિની રચના કરી છે. આ સમિતિ બાંગ્લાદેશના અધિકારીઓ સાથે સંવાદ કરશે, જેથી ત્યાંના ભારતીય નાગરિકો, હિન્દુઓ તથા અન્ય લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.' નોંધનીય છે કે બાંગ્લાદેશમાં અનામતના વિરોધમાં આંદોલન શરૂ થયા હતા જેણે બાદમાં વિકરાળ રૂપ ધારણ કર્યું. સતત હિંસા અને સેંકડો લોકોના મોત બાદ તત્કાલીન વડાંપ્રધાન શેખ હસીનાએ સત્તા છોડીને જીવ બચાવીને ભાગવું પડ્યું હતું. જે બાદ મોહમ્મદ યુનુસની આગેવાનીમાં બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર બનાવવામાં આવી છે. બાંગ્લાદેશમાં હિંસક આંદોલન બાદ શેખ હસીનાએ દેશ છોડ્યો છે ત્યારે મોહમ્મદ યુનુસે હવે કમાન સંભાળી લીધી છે.

### છેલ્લી ક્ષણે આવો આદેશ ન આપી શકાય : સુપ્રીમ

## સુપ્રીમે કોર્ટે NEET-PG પરીક્ષા સ્થગિત કરવાની માંગ ફગાવી

### ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ૧૧ ઓગસ્ટે યોજાનારી NEET PG પરીક્ષાને સ્થગિત કરવાની માંગને ફગાવી દીધી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

સુપ્રીમ કોર્ટે ૧૧ ઓગસ્ટે યોજાનારી NEET PG પરીક્ષાને સ્થગિત કરવાની માંગને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું, લાખો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવાની છે, છેલ્લી ક્ષણે આવો આદેશ ન આપી શકાય. અરજદારે કહ્યું કે ઘણા વિદ્યાર્થીઓના પરીક્ષા કેન્દ્રો એવા શહેરોમાં છે જ્યાં પહોંચવું મુશ્કેલ છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્રોની ફાળવણી ગેરરીતિઓને રોકવા માટે કરવામાં આવી હતી, પરંતુ સમયની મર્યાદાને કારણે ઉમેદવારો માટે ચોક્કસ શહેરોમાં મુસાફરીની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ઉલ્લેખનીય છે કે NEET UG પરીક્ષા અગાઉ ૨૩ જૂને યોજાવાની હતી. કેટલીક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓને ધ્યાનમાં રાખીને સાવચેતીનાં પગલાં તરીકે તેને મુલતવી રાખવામાં આવી હતી. CJI DY ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે કહ્યું કે તેઓ પાંચ વિદ્યાર્થીઓને કારણે ૨ લાખ વિદ્યાર્થીઓની કારકિર્દીને જોખમમાં નાખી શકે નહીં. આના પર અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ કહ્યું કે ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ તેમને આ અંગે મેસેજ કર્યો છે. અરજદાર વતી સુપ્રીમ કોર્ટમાં અન્ય એક મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, "આ પરીક્ષા બે બેચમાં લેવાશે અને ઉમેદવારોને નોર્મલાઈઝેશન ફોર્મ્યુલા ખબર નથી, જે મનમાનીની આશંકાઓને જન્મ આપે છે." અરજદારોનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટે દલીલ કરી હતી.

## તંત્રી લેખ...

# ભારતીય મહિલા પહેલવાન બનીને ઈતિહાસ રચનારી

ઓલિમ્પિક કુસ્તીની ફાઈનલમાં પહોંચનારી પહેલી ભારતીય મહિલા પહેલવાન બનીને ઈતિહાસ રચનારી વિનેશ ફોગટે ફાઈનલ મુકાબલા પહેલાં જ નિર્ધારિત સીમા કરતાં વધુ વજન હોવાને કારણે અયોગ્ય જાહેર કરવી ચોંકાવનારું છે અને આ તેની સાથે એ કરોડો દેશવાસીઓ માટે પણ ઝાટકો છે, જેને વિનેશ પાસે સુવર્ણ પદકની આશા હતી. ઉલ્લેખનીય છે કે ઓલિમ્પિકના નિયમો અનુસાર, પહેલવાનોને પ્રતિયોગિતાના દિવસોમાં પોતાના વજન-વર્ગમાં જ રહેવું પડે છે. વિનેશ પહેલી વાર ૫૦ કિલોગ્રામ વજન વર્ગમાં રમી રહી છે, એના પહેલાં તે ૫૩ કિલોગ્રામના વર્ગમાં ભાગ લેતી હતી. પરંતુ આ વખતે તે ૫૩ કિલોગ્રામ વર્ગમાં ક્વોલિફાઈ મેચમાં ખરાબ રીતે હારી હતી, બાદમાં તેણે ૫૦ કિલોગ્રામ વર્ગમાં રમવાનો નિર્ણય કર્યો હતો. ઓલિમ્પિક ફાઈનલના દિવસ સુધી વિનેશનું વજન પચાસ કિલોગ્રામની સ્વીકાર્ય સીમાથી લગભગ સો ગ્રામ વધારે હતું અને એ જ સ્પર્ધામાંથી તેના બહાર થવાનું કારણ બન્યું. અસલમાં વજનમાં ઘટાડો લાવવો એક એવી લડાઈ છે, જેની સામે ખાસ કરીને પહેલવાનોએ ઘણું ઝઝૂમવું પડે છે. તેમાં ખેલાડીઓને જે મુશ્કેલીઓ આવે છે, તે ભારત માટે ઓલિમ્પિક પદક જીતનારી પહેલી મહિલા પહેલી મહિલા પહેલવાન સાક્ષી મલિકના શબ્દોથી ખબર પડે છે. સાક્ષીએ કહ્યું કે પહેલવાન માત્ર વજન ઘટાડવા માટે જ પદકના હક્કદાર થઈ જવા જોઈએ. પહેલવાનો પોતાના શરીરને ઓળખતા હોય છે અને તેને અનુરૂપ જ પોતાના વજનને નિયંત્રણમાં રાખે છે. ફોગટ સાથે આ સ્થિતિ પહેલી વાર નથી થઈ. એના પહેલાં ૨૦૧૬ના રિયો ઓલિમ્પિક ગેમ્સમાં ક્વોલિફાઈંગ રાઉન્ડ દરમ્યાન પણ તે થોડું વજન વધારે હોવાને કારણે બહાર કરી દેવાઈ હતી. જોકે ત્યારે એક બીજા વર્ગમાં રમતાં વિનેશ સારું પ્રદર્શન કરી રહી હતી, પરંતુ પછી ઈજાને કારણે તેણે બહાર થઈ જવું પડ્યું હતું. એવામાં પેરિસ ઓલિમ્પિકમાં એના પર બધાની નજર હતી. આ તમામ ઘટનાક્રમ પર કેટલાક નેતાઓ દ્વારા જેવાં બિનજરૂરી નિવેદનો આવી રહ્યાં છે તે તેમની અપરિપક્વતા અને કોઈપણ મુદ્દામાં રાજકીય લાભ ખાટવાની વૃત્તિ જ દર્શાવે છે.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# પોતાના મનને હંમેશાં વશમાં રાખતા શીખો

એક યક્ષ પ્રશ્ન આપણને હંમેશાં સતાવતો હોય છે કે, આપણું શરીર મનને આધિન છે કે મન શરીરને આધિન છે. કારણકે, આપણું મન બહુ ચંચળ છે, તેથી ક્યાંય સ્થિર રહી શકતું નથી.આપણા મનને મર્કટ (માંકડા) સાથે સરખાવવામાં આવે છે. જેમ માંકડું કોઈ જગાએ સ્થિર બેસી રહે નહીં અને અહીં તહીં કૂદાકૂદ કરી મૂકે છે, એવી રીતે આપણું મન પણ આપણાં વશમાં નથી અને ગમે ત્યાં ભટકતું ફરે છે. બહુ ઓછાં લોકો એવા હશે, જે પોતાનું મન વશમાં રાખી શકતાં હશે.જે મનુષ્ય પોતાના મનને વશમાં રાખે છે; તે મનુષ્ય પોતાની ઈન્દ્રિયોને પણ વશમાં રાખી શકે છે.આપણને લોભ, લાલસા, તૃષ્ણા, ક્રોધ,લાગણી, પ્રેમ, અનુરાગ, વિષયવાસના, કામના વિગેરે જેવા ભાવો અને લાગણીઓ હરહંમેશ થતી રહે છે, આમ થવાનું કારણ આપણું મન છે.જે વ્યક્તિનું મન પોતાના વશમાં નથી, તે વ્યક્તિ ઈચ્છવા છતાંય કાંઈ કરી શકતો નથી.જેમ કે કોઈ વ્યક્તિને તમાકુ કે ગુટખા ખાવાની આદત હોય અને તે કોઈ કથા સાંભળીને વિચારે કે, આવતીકાલથી હું તમાકુ કે પડીકી ખાવાનું બંધ કરીશ, પરંતુ જેવી એ કોઈના હાથમાં તમાકુ કે પડીકી જોશે કે તરતજ તેની તમાકુ કે પડીકી ખાવાની તલપ જાગૃત થઈ જશે અને તે પડીકી કે તમાકુ ખાઈ લેશે.આમ થવાનું કારણ એ છે કે, તે વ્યક્તિનું મન મક્કમ નથી પણ ચંચળ છે, તેથી તે મનની આગળ હાર માની લે છે અને પોતે જે વિચાર કર્યો હતો તે વિચાર અભેરાઈ પર ચડી જાય છે.

આપણાં મન વિશે કોઈ કવિએ લખ્યું છે કે'' મન લોભી મન લાલચુ, મન ચંચળ મન ચોર, મનના ગુલામ ના બનીએ, મન છે હરાયું ઢોર''. કવિએ મનને હરાયા ઢોરની સાથે સરખાવ્યું છે. જેમ હરાયા ઢોર ઉપર તેના માલિક કે રખેવાળનો કોઈ કાબુ હોતો નથી અને જેમ મરજી ફાવે તેમ ફર્યા કરે છે તેવી જ રીતે, જે વ્યક્તિનો પોતાના મન ઉપર કાબુ નથી એ માણસ હરાયા ઢોર સમાન છે. આવા માણસને કોઈ લાગણી હોતી નથી કે પોતાની ઈજ્જતની કાંઈ પડી હોતી નથી, તેઓ તો મસ્તરામ બનીને, પોતાની મરજી મુજબ વરત્યા કરે છે.આવા વ્યક્તિઓની કિંમત કોડીની હોય છે. આવા વ્યક્તિ ઓનાં મનમાં દુર્ભાવ,કુભાવ, ઈર્ષ્યા, કાર, વેરઝેર, વાણીવિલાસ, અહંકાર, તોરણ, હુંપદ, ઝનૂન, ઉદ્વેગ વિગેરે જેવા દૂષણો કાયમી ધોરણે ઘર કરી ગયા હોય છે, તેને છોડવાને બદલે તેઓ તેને બહોળા પ્રમાણમાં બહેકાવે છે. જ્યારે સદ્દભાવના, સજ્જનતા, માનવતા, કરૂણા, દયા, સ્નેહ, મૃદુતા, ભાઈચારો, લાગણી, આત્મીયતા જેવા સદગુણોને આપણે ધિક્કારીયે છીએ અને તેનો સહજ સ્વીકાર કરી શકતાં નથી.

આપણાં મનમાં જે વિકારો ભરાઈ ગયા છે એમાં જ આપણને રસ હોય છે અને સારી પ્રવૃત્તિમાં રસ નથી, કારણકે આવા વિકારોના આદી અને ગુલામ બની ગયા છીએ. આવા દુર્ગુણોનો આપણે બહુ ઝડપથી ત્યાગ કરી શકતાં નથી. કારણકે આપણા મન ઉપર, આ બધાં દૂષણોની ચટ્ટાન કે ખડક જેવી છાપ પડી ગઈ હોય છે. જેમ ચટ્ટાન કે ખડકને સહેલાઈથી તોડી શકાતો નથી, એમ આપણે આપણા મનમાંથી દુર્ગુણ રૂપી દૂષણો આપણે સહેલાઈથી અને સહજતાથી કાઢી શકતા નથી.

આપણે આપણા મનને મક્કમ નહીં રાખીએ તો આપણામાં પણ હજાર દુર્ગુણ રૂપી દૂષણો પ્રવેશ કરી દેશે, પરંતુ જે વ્યક્તિ, પોતાના મનને મક્કમ અને અડગ રાખી શકે છે, તેનામાં કોઈ પણ પ્રકારના દુર્ગુણો પ્રવેશ કરી શકતાં નથી. આપણે આપણા મનને સંતુલિત રાખી દુર્ગુણોને પ્રવેશ આપવાને બદલે સદગુણોને વિકસાવવા જોઈએ. જે ક્ષણે આપણે ફાલતું અને નકામી બાબતોને મન પર લેવાનું છોડીશું તે જ ક્ષણથી આપણે સુખી થઈશું. માટે જ મના ગુલામ બનવાને બદલે પોતાના મન ઉપર કાબુ મેળવી મનને વશમાં લેવું જરૂરી છે.

**જે પાર્વતીના મુખ કમળને પ્રસન્ન કરનાર સૂર્ય સમાન છે, દક્ષ યજ્ઞનો નાશ કરનાર છે, તેની ધજામાં વૃષભ એટલે કે આખલાનું ચિન્હ છે**

# શિવ અને શક્તિ બંને અભિન્ન છે, એટલે એકને આરાધવાથી બીજું એની મેળે પ્રાપ્ત થઈ જાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હે દેવાધિદેવ કૈલાશ પતિ મહાદેવ આપના સીધાસાદા મંત્ર ઓમ નમઃ શિવાયનું સ્મરણ, આંતર નાદને જગાવે છે, ત્રણે લોકમાં જેની કરુણાનો કોઈ પાર નથી, એવા હે ભોળાનાથ આજે વિશ્વ આખું તારા શરણે આવ્યું છે, બાહ્ય પ્રકૃતિમાં શ્રાવણ ઝરમર ઝરમર વરસી રહ્યો છે, અને આંતર પ્રકૃતિમાં દુઃખ અને ભયનાં વાદળ ગડગડી રહ્યા છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એકધારી થકવી દેતી આ જિંદગીમાં બધું એકસરખું જ લાગે છે, રોજ દિવસને રોજ રાત્રી, રોજ અજવાળાંને રોજ અંધારા, ક્યારેક ઉમંગ ઉત્સાહ તો ક્યારેક ભારરૂપ આ જિંદગી બસ આવું બધું ચાલે જાય છે. સદગુરુ એ કૃપા કરી અને તુલસી જન્મોત્સવ અંતર્ગત મહુવા આવવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું, બાપુ કૃપા ફરી જીવન રસાળ ફળ જેવું મધુર લાગ્યું! ભક્તિને પણ આપણે રસ કહ્યો છે, તો એ રસ ની અવધિ ક્યારેય ન ખૂટે! એવાં અમે અખંડ વિશ્વાસના સહારે હે મહાદેવ તમારે શરણે આવ્યા છીએ, તો આ અંધકારમય જીવનમાં આસ્થાનો દીપ પ્રગટાવી અમારા જીવન રોશન કરો. હે દેવાધિદેવ કૈલાશ પતિ મહાદેવ આપના સીધાસાદા મંત્ર ઓમ નમઃ શિવાયનું સ્મરણ, આંતર નાદને જગાવે છે. ત્રણે લોકમાં જેની કરુણાનો કોઈ પાર નથી, એવા હે ભોળાનાથ આજે વિશ્વ આખું તારા શરણે આવ્યું છે. બાહ્ય પ્રકૃતિમાં શ્રાવણ ઝરમર ઝરમર વરસી રહ્યો છે, અને આંતર પ્રકૃતિમાં દુઃખ અને ભયનાં વાદળ ગડગડી રહ્યા છે, એવા સમયે અમને માત્ર તમારો સહારો દેખાય છે. જ્યારે જ્યારે અસ્તિત્વ કે વિધાતા કઠિન કૃપા કરે, ત્યારે આપ આવી અને કલ્યાણ કરી અમને ઉગારો છો. સદગુરુ કૃપા નિરંતર આવા અંધકાર સમયે રાહ ચીંધી રહી છે, અને આ અંધકાર મીટાવવા શ્રાવણ ની ધારા વહી રહી છે. અજન્મા આશુતોષના તો કેટકેટલા ગુણ આપણે ગાઈશું! આજે શિવ પંચાક્ષરના બાકીના ત્રણ શ્લોક નો ભાવાર્થ સમજાવીએ.

**શિવાય ગૌરી વદનામ્બજ વૃંદ,**
**સૂર્યાય દક્ષાધ્વર નાશકાય,**
**શ્રી નીલકંઠાય વૃષધ્વજાય,**
**તસ્મૈ "શિ" કારાય નમઃ.**

જે પાર્વતીના મુખ કમળને પ્રસન્ન કરનાર સૂર્ય સમાન છે, દક્ષ યજ્ઞનો નાશ કરનાર છે, તેની ધજામાં વૃષભ એટલે કે આખલાનું ચિન્હ છે, એવા દેવાધિદેવ મહાદેવના "વ" કાર સ્વરૂપને હું નમું છું.



**વસિષ્ઠ કુંભોભદ્ર ગૌતમાય,**
**મુનીદ્ર દેવાચિર્ત શેખરાય,**
**ચંદ્રાક વૈશ્વાનર લોચનાય,**
**તસ્મૈ "વ"કારાય નમઃ શિવાય.**

વસિષ્ઠ, કુંભ, એટલે કે અગસ્ત્ય, અને ગૌતમ જેવા આદિ શ્રેષ્ઠ મુનિ તથા ઈન્દ્ર અને અન્ય દેવતાઓ જેના મસ્તકની પૂજા કરે છે,ચંદ્રમા, સૂર્ય, અને અગ્નિ જેના ત્રણ નેત્રો છે, એવા મહાદેવના "વ" કાર સ્વરૂપને હું નમું છું.

**યક્ષ સ્વરૂપાય જટા ધરાય,**
**પિનાક હસ્તાય સનાતનાય,**
**દિવ્યાય દેવાય દિગંબરાય,**
**તસ્મૈ ય કારાય નમઃ શિવાય.**

જેણે યક્ષ સ્વરૂપ ધારણ કર્યું છે, માથે જટા રાખે છે, હાથમાં પિનાક નામનું ધનુષ રાખે છે, એ દિવ્ય સનાતન પુરુષ છે, એવા દિગંબર ધારી શિવ કે મહાદેવના "ય" કાર સ્વરૂપ ને નમું છું.

**પંચાક્ષર મિદં પુણ્ય,**
**યઃ પઠેત્ શિવ સંન્નિધો,**
**શિવલોકમવાપ્નોતિ,**
**શિવેન સહ મોદતે.**

જે શિવજી ની સમિપે આ પંચાક્ષર સ્તોત્રનો પાઠ કરે છે તે શિવ લોક પ્રાપ્ત કરે છે અને શિવજીની સાથે આનંદિત થાય છે. મહાદેવની જેને ઉપાધી મળી છે એવા દેવોના દેવ મહાદેવનું સ્મરણ થતાં આંખો સામે જે ચિત્ર આવે છે, તેનાથી કોણ અજાણ છે. મસ્તકે જટામાં ગંગાજી વહે, ભાલે શંશાક શોભીતમ્ એટલે કે ચંદ્રમાં શોભે ગળામાં મુંડ માળ અને ભુજંગ, આખા શરીરે સ્મશાનની ભસ્મનું લેપન, હાથમાં ડમરું અને ત્રિશુલ, એક પણ પ્રકારની વૃત્તિનું વસ્ત્ર જેણે ધારણ નથી કર્યું એવા દિગંબર, મૃગચર્મ પર પદ્માસનમાં સમાધિસ્થ મુદ્રા. બિલકુલ નિર્લેપ અને અસંગ જીવન જીવનારા મહાદેવ લગભગ બધાંના પ્રિય છે. સતી સ્વરૂપને દક્ષના યજ્ઞમાં પોતાની યજ્ઞાગ્નિથી સ્વાહા કરી દીધા પછી, પાર્વતી સ્વરૂપે હિમાચલ રાજને ત્યાં સતી જન્મ લે છે, અને શંકરને પતિ તરીકે પ્રાપ્ત કરવા તે ખૂબ કઠિન વ્રત કરે છે. ત્યારે તેમણે જંગલમાં વેણુ નું શિવલિંગ બનાવી તેની પૂજા કરી હતી, ત્યારથી એ સ્વરૂપને શિવલિંગ નામ આપવામાં આવ્યું, અને ત્યારથી બધા લોકો શંકરનો જેમાં સતત વાશ છે, એવા શિવલિંગને પૂજવા લાગ્યા, અને દેશકાળ પ્રમાણે શંકરે પણ તેમાં પોતાના અસ્તિત્વને સ્થાપ્યું, એટલે સ્વયંભૂ અને જ્યોતિર્લિંગ પ્રકારના આ શિવલિંગો આપણે ત્યાં પ્રચલિત થયા. સ્વયંભૂ એટલે કોઈ જગ્યાએ આવા આકારનું લિંગ, એની મેળે જ પ્રાપ્ત થાય, કોઈ જગ્યાએ જમીન ખોદવાથી અંદરથી શિવલિંગ નીકળે, તો ક્યાંક સીમમાં,કે ખેતરમાં, જંગલમાં એ રીતે આવા લિંગ પ્રાપ્ત થતા, અને તેને સ્વયંભૂ નામ આપી ત્યાં આગળ પછી મંદિરના નિર્માણ થતા. એવી રીતે ભારતમાં બાર જ્યોતિર્લિંગ છે.સ્વયંભૂ અને જ્યોતિર્લિંગમાં એટલો ફેર કે જ્યોતિર્લિંગમાં ભગવાન પોતે સમાયા છે, એવી કોઈ કથા પણ તેની સાથે જોડાયેલી હોય છે, અને તેણે પોતાનું જ્યોતિસ્વરૂપ એમાં સ્થાપિત કર્યું છે. લિંગનો સીધો સાદો અર્થ કરીએ તો જાતિ, એટલે કે સ્ત્રીલિંગ, પુલિંગ, નાન્યેતર, અને એ ન્યાય એ આપણે ત્યાં અર્ધ નારેશ્વરની પણ સ્થાપના થઈ. શિવ અને શક્તિ બંને અભિન્ન છે, એકને આરાધવાથી બીજું પ્રાપ્ત એની મેળે થાય છે. એટલે શિવની ભક્તિ પૂજા અર્ચના ઈત્યાદિ કરનાર શક્તિથી સંપન્ન હોય છે, શક્તિ હોય ત્યાં ઐશ્વર્ય પણ હોય છે, આપણે ત્યાં શાસ્ત્રમાં છ પ્રકારના ઐશ્વર્ય વાળા ને ભગવાનના ગુણ બતાવ્યા છે, એટલે કે આ છ ભગ અથવા છ ઐશ્વર્ય જેનામાં વાસ કરે, એ ઈશ્વરની વિભૂતિ છે. ભગવાન સદાશિવ મહાદેવ એ સર્જન, વિસર્જન, અને કલ્યાણના, ઉત્તમ ભાવના સ્થાપક છે, તેથી તેની આરાધના કરવા વાળાને તે સર્જન કલાના દાન આપે છે. તો આપણે પણ આ શ્રાવણે તેનું આ ભક્તિ ભાવથી સ્મરણ કરી, અને ઈશ્વરની વિભૂતિ બનીને ઐશ્વર્યને પ્રાપ્ત કરીએ, અને કંઈક વિશેષ કર્મ એટલે કે સર્જનને નામે કંઈક અર્જિત કરી, આપણો આ જન્મ ફેરો સફળ બનાવીએ. સુખ દુખ એ નરસિંહે ગાયું છે, તેમ ઘટ સાથે જોડાયેલા છે, તેને મહત્વ આપ્યા વગર સમય મળ્યો છે, તો આ જીવથી એ શિવનું અનુસંધાન કરી, ઉત્તમ ભાવને પામી, અને આ જન્મ સફળ કરવો રહ્યો. આ શ્રાવણે સૌ પોતાના જીવનમાં શિવત્વને પ્રાપ્ત કરે, અને આશા નિરાશાના આ ઘોર અંધકારમાંથી બહાર નીકળીશું, એવી અટલ શ્રદ્ધાનો દીપક પ્રજ્જવલિત કરી, પોતાનું જીવન રોશન કરે, એવી પ્રભુના ચરણે ભાવ રૂપે ભોગ રાખીને ભગવાનને ભજવાથી ભક્તિ વધે અને ભક્તિ વધે એટલે નરસિંહનાં શબ્દમાં કહીએ તો વૈશ્રવ બનીએ, એટલે કે સજ્જનતા વધે, બસ એ જ ભાવથી સૌનાં અંતર નિરંતર ભર્યા રહે, એવી એક અનન્ય પ્રાર્થના મહાદેવને ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**શ્રાવણ માસના શિવ મહિમા-૦૬ : આપણે આજે તડકેશ્વર મહાદેવના દર્શન કરી તીર્થનો મહીમા જાણીએ**

# પૃથ્વી લોક પર ભગવાન સદા શિવ ભોળાનાથ અજન્મા દેવ છે એટલે જ ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે, જેમાં વનનાં ફૂલો ધતુરો, બીલીપત્ર, રૂદ્રાક્ષ શણગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરૂં, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે, પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલી પત્રનાં પાન, શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી.**

પવિત્ર શ્રાવણ માસમાં આપણે શિવ મહિમાનું રસપાન કરી રહયા છીએ. પૃથ્વી લોક પર ભગવાન સદા શિવ ભોળાનાથ અજન્મા દેવ છે એટલે જ ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે. ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તીથી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવા તો ગામથી થોડા દુર જોવા મળે છે. મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફૂલો ધતુરો, બીલીપત્ર, રૂદ્રાક્ષ શણગાર તરીકે, શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરૂં, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે. પૂજન વિધિમાં પાણીનો લોટો અને થોડા બીલી પત્રનાં પાન, શિવને આમ તો મંદિર ની પણ જરૂર નથી, પથ્થરનાં ઓટલે ઝાડની નીચે, ડુંગરની ટોચે પણ ભોળાનાથ બીરાજમાન થઈ જાય છે.ત્યારે આજે શ્રાવણ માસમાં શિવ મહિમા ૦૬માં તડકેશ્રર મહાદેવ તીર્થનો મહીમા જાણીએ તડકેશ્વર મહાદેવ મંદિરની ખાસિયત એ છે કે મંદિર ઉપર કોઈ છત નથી તેમજ સૂર્યના કિરણો શિવલિંગ ઉપર પડે છે. જેના કારણે સૂર્યના કિરણો સતત શિવલિંગને સ્પર્શ કરતાં હોવાથી તે તડકેશ્વર મહાદેવના મંદિર તરીકે પ્રસિધ્ધ છે. ૧૯૯૪માં જીર્ણોદ્ધાર કરી ૨૦ ફૂટના ગોળાઈ નો ઘુમ્મટ ખુલ્લો બનાવાયો. સ્વયંભૂ પ્રગટેલા શિવલિંગના દર્શનાર્થે લોકોની ભારે ભીડ રહે છે. શ્રાવણ માસ અને મહા શિવરાત્રિએ તો ભક્તો દૂર દૂરથી દાદાના દર્શનાર્થે આવે છે.તડકેશ્વર મહાદેવની પ્રતિમાની પૌરાણિક ગાથા કંઈક આવી છે તો આવો તડકેશ્વર મહા દેવના કલમ કાગળ થકી દર્શન કરીએ. વલસાડના પરા વિસ્તાર અબ્રામા ગામે વાંકી નદીના કિનારે તડકેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવાલય આવેલું છે. આશરે આઠસો વર્ષ પુરાણા આ શિવાલય ની પૌરાણિક ગાથા અનોખી અને અલૌકિક છે. વર્ષો પહેલાં અહિંના જંગલમાં ગાયો ચરાવતા નિર્દોષ ગોવાળિયા એ એક ગાયને સ્વયંમ્ દૂધની ધારા વહાવતી જોઈ તો તે વિસ્મય પામ્યો હતો. ગામલોકોને જાણ કરતાં તેઓએ તે જગ્યા પર તપાસ કરતાં એક મોટી પથ્થરની શિલા નજરે પડી હતી. ત્યારબાદ આ શિલા પર એક ભક્ત રોજ આવીને દૂધનો અભિષેક કરી જતો હતો. ભોળા શિવજીએ તેને સ્વપ્નમાં આવી જણાવ્યું કે, તું રોજ આ ઘોર જંગલમાં આવીને મારી પૂજા- અર્ચના કરે છે, તારી નિષ્ઠા અને અનન્ય ભક્તિથી હું પ્રસન્ન થયો છું. હવે મને આ કાદવકીચડમાંથી બહાર કાઢી યોગ્ય જગ્યાએ લઈ જઈ પૂજન કરજે.ભક્તની લાગણીને માન આપી ગામલોકોએ શિલાની આસપાસ ખોદકામ કરતાં સૌના આશ્ચર્ય વચ્ચે છ થી સાત ફૂટ લંબાઈ ધરાવતું પ ાઢેલા શિવ જેવા આકારનું લિંગ નજરે પડ્યું હતું. ખૂબ જ સાવચેતી પૂર્વક લિંગ ખંડિત ન થાય તે રીતે ખોદ કામ પૂર્ણ કરાયું હતું. બળદગાડામાં શિલાને લાવી આજ ના સ્થળે તેમની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી. શા માટે મંદિર પર કોઈ છત નથી ? શિવલિંગના રક્ષણ માટે કામ ચલાઉ દિવાલ અને ઉપર ઘાસનું છાપરું બનાવાયું હતું, પરંતુ થોડા દિવસમાં આ છાપરું અચાનક સળગી ગયું હતું.બાદમાં નળીયા વાળું છાપરું બનાવાયું તો તે વાવાઝોડાથી ઉડી ગયું હતું. વારંવાર બનતી આ ઘટના બાદ શિવભક્તને સ્વપ્ન આવ્યું કે હું તડકેશ્વર છું મારા શીરે કોઈ છાપરું બાંધવાનો પ્રયત્ન ના કરશો ગામલોકોએ ભક્તની વાત સાચી ગણીની ચારેબાજુ દિવાલ કરી દરવાજા બનાવ્યા પણ ઉપરથી ખૂલ્લું જ રાખ્યું હતું.શ્રાવણમાં એક લાખથી વધુ ભકતો દર્શનાર્થે આવે છે. તડકેશ્વર મહાદેવના મંદિરે દર શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહે છે. શ્રાવણના દર સોમવારે દશ હજાર થી વધુ શિવભક્તો ભોળાનાથને શિશ નમાવવા આવે છે. તડકેશ્વર દાદાના દર્શનાર્થે એનઆરઆઈ ભક્તો આવી અચૂક દર્શનનો લાભ લે છે. શ્રાવણ માસમાં દર સોમવારે તડકેશ્વર મહાદેવ મંદિરે વિશાળ મેળો ભરાય છે.જેમાં દૂર દૂરથી લોકો લકઝરી બસ તેમજ ખાનગી વાહનોમાં આવે છે. દાદાનો મહિમા અપ રંપાર અને શ્રધ્ધાભેર હોવાથી ભક્તોની ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આસપાસના જોવાલાયક સ્થળો કલ્યાણ બાગ, જારામ મંદિર વગેરે જોવાલાયક ચળો આવેલાં છે. વલસાડથી પકિમીના અંતરે દરિયા કિનારે પ્રખ્યાત હવાખાવાનું સ્થળ નિયલ તેમ જ ત્રણ કિમીના અંતરે પારનેરાનો કિલ્લો જોવા લાયક સ્થળો આવેલાં છે. ભકતો ની ભીડ રહેશે.સુના મંદિર શિવાલયમાં લોકો વારે તહેવારે જ આવે છે.સમય ક્યાં છે પવિત્ર શ્રાવણ માસમાં એક હિન્દુ તરીકે સંકલ્પ કરીએ કે હું એક ટાઈમ એટલે સવારે કે સંધ્યા કાળે જયાં હોઈશ ત્યાંના નજીકના એક મંદિર કે શિવાલયમાં જઈશ. આજે શ્રેષ્ઠ ઉપાસના આરાધના અભિષેક કર્યો કહેવાય છે.જે પોતે જ નીલકંઠ બની શકે છે એ જ માનવજાતને અમૃત પાન કરાવી શકે છે. આ પવિત્ર શ્રાવણ માસ આપણને એ જ સંદેશ આપે છે કે સંઘર્ષના પથ પર આગળ વધવાથી જ સૌભાગ્યનું દ્વાર ખૂલી શકે છે. આથી ભગવાન શિવનું એક સ્વરૂપ સર્જનનું, કલ્યાણનું, સૌમ્યતાનું પ્રતીક છે. એ જ રૂપમાં તેઓ કૈલાશમાં નિવાસ કરે છે અને શ્રેષ્ઠતાનું રક્ષણ કરે છે, જ્યારે તેમનું બીજું એક સ્વરૂપ સ્મશાન માં નિવાસ કરે છે. તેમના ગળામાં ખોપરીઓની માળા હોય છે, કાલ સર્પ તેમની યજ્ઞોપવીત બની જાય છે, તેમના હાથમાં ત્રિશૂળ હોય છે તેમનું તાંડવનૃત્ય પ્રલય કરનારું હોય છે. આમ શિવત્વ કલ્યાણનું અને ક્રાંતિનું પણ પ્રતીક છે. તે બંને સ્વરૂપો જીવનના શાશ્વત પ્રવાહ માટે જરૂરી છે. શ્રાવણમાસ શિવત્વના જાગરણ માટેનો પવિત્ર માસ છે. ભારતીય સંસ્કૃતિમાં ઉદેશ્યોની ઉચ્ચતા છે, વિચારોમાં તેજસ્વિતા છે,ભાવનાઓમાં ઉદા ત્તતા છે.એ બધા દ્વારા શિવત્વમાં વૃદ્ધિ થાય છે.આ દેશની માટીમાં ભગવાન શિવનું તપ ભળેલું છે. જ્યારે રુદ્ર, ભૈરવ અને શૂલપાણિ જાગ્રત થાય છે ત્યારે શૂરવીરોને જન્મ આપે છે. જો તેમની અંદર ચંદ્રપ્રકાશ, ભાલનેત્ર, બીજાધ્યક્ષ અને મહાબુદ્ધિ જાગે છે ત્યારે તે જ્ઞાનીઓને જન્મ આપે છે અને જ્યારે તેમનામાં રહેલા નીલકંઠ, મહાદેવ, વિરૂપાક્ષ અને પાલનહાર જાગે છે ત્યારે તેઓ ભક્તોને જન્મ આપે છે. જ્યારે તેમની અંદર સ્વયંભૂ મહાકાલ અને પાશવિમોચક જાગે છે ત્યારે તે મહાપુરુષોને જન્મ આપે છે. સદા શિવ ભોળાનાથ દેવાધિ દેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.



### પોતાના કોલ ઈગ્નોર કરતાં હોવાનું જયાએ કહ્યું હતું

# અમિતાભ ક્યારેય પણ પોતાની પત્ની જયાના કોલનો જવાબ નથી આપતા

અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનનું દામ્પત્ય જીવન અનેક ઉતાર-ચડાવ વચ્ચે વધારે મજબૂત બન્યું છે. ફિલ્મી જોડીઓમાં સફળતાનો પર્યાય મનાતા આ કપલે ૧૯૭૩માં લગ્ન કર્યા હતા. જયા બચ્ચને 'કૌન બનેગા કરોડ પતિ'ના એપિસોડમાં પતિ અમિતાભ બચ્ચન સાથે વીડિયો કોલ પર વાત કરી હતી. કોલ દરમિયાન પતિ સાથે ટીખળ કરતાં જયા બચ્ચને કહ્યું હતું કે, તેઓ મારો કોલ તો ક્યારેય ઉપાડતા જ નથી. અમિતાભ બચ્ચન પોતાના કોલ ઈગ્નોર કરતાં હોવાનું જયાએ કહ્યું હતું. તેમણે જણાવ્યુ હતું કે, હું દરેકને જણાવવા માગું છું. તેમની પાસે ૫-૭ ફોન છે. આપણે તેમને કોલ કરીએ તો તે ક્યારેય જવાબ નથી આપતા. જયાની આ ટીખળ સાંભળીને ઓડિયન્સની સાથે દીકરી શ્વેતા અને દોહિત્રી નવ્યા ખડખડાટ હસી પડ્યા હતા અને તાળીઓથી હોલ ગૂંજી ઊઠ્યો હતો. જયાએ વધુમાં કહ્યું હતું કે, કોઈ ગંભીર ઘટના બને તો તે ઉપરથી અમને વઢે છે. કોલ કેમ કર્યો નહીં? ઘરે કોઈ પ્રોબ્લેમ હોય તો પણ કેમ કહેતા નથી? નાનીમાની વાતમાં સૂર પુરાવતા નવ્યાએ જણાવ્યુ હતું કે, ફ્લાઈટમાં બોર્ડિંગ કરી લીધું છે, તેવો મેસેજ જયા મૂકે તો ગ્રૂપમાં બધા સભ્યો તરત રિપ્લાય કરે છે. જ્યારે નાનાજીને જવાબ આપવામાં ચાર કલાક લાગે છે. તેઓ છેલ્લે કહેશે, બહુ સરસ. જયાનું પ્લેન સલામત આવી ગયું. પતની અને દોહિત્રીએ એક સાથે કરેલા પ્રહારને રમૂજમાં વાળી લેતાં અમિતાભ બચ્ચને નિર્દોષ ભાવે કહ્યું હતું કે, કદાચ નેટવર્કની સમસ્યા આવી હશે. બચ્ચન પરિવારની આ મીઠી દલીલે ઓડિયન્સને ખુશ કરી દીધું હતું અને થોડા સમય માટે પોતાના ફેવરિટ સ્ટારના અંગત જીવનમાં ડોકિયું કરવાની તક મળી હતી.



# UKના વિઝા નામંજૂર થતાં ફિલ્મ ગુમાવી

## સંજય દત્તે છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની ઈમેજ બદલવા ભરપૂર પ્રયાસ કર્યા

બોલિવૂડના બેડ બોય તરીકે ઓળખાતા સંજય દત્તે છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની ઈમેજ બદલવા ભરપૂર પ્રયાસ કર્યા છે અને હવે તેમને ફેમિલીમેન કહેવામાં આવે છે. સંજય દત્તના જીવનમાં ભલે ઘણાં પરિવર્તન આવી ગયાં હોય, પરંતુ તેમને ભૂતકાળના કર્મો હજુ નડી રહ્યા છે. ૧૯૯૮ના વર્ષમાં 'ટાડા' કેસમાં તેમની ધરપકડ થઈ હતી. આ ગુનાઈત ઈતિહાસના કારણે સંજય દત્તને વિઝા આપવાનો યુકે દ્વારા ઈનકાર થયો છે અને તેના કારણે સંજય દત્તે ફિલ્મ ગુમાવવાનો વારો આવ્યો છે. અજય દેવગનની હિટ ફિલ્મ 'સન ઓફ સરદાર'ની સીક્વલનું થોડા સમય પહેલાં એલાન થયું હતું. મૃણાલ ઠાકુર અને સંજય દત્ત સાથે 'સન ઓફ સરદાર ૨'નું શૂટિંગ શરૂ કરવાની તૈયારીઓ થઈ ચૂકી હતી. આ એક્શન કોમેડી ફિલ્મના શૂટિંગની શરૂઆત સ્કોટલેન્ડથી થવાની છે. ફિલ્મમાં મુખ્યત્વે સંજય દત્ત અને અજય દેવગન વચ્ચે ટક્કર થવાની છે. તેથી શૂટિંગ પૂર્વે લીડ સ્ટાર્સ સહિત સમગ્ર ટીમે યુકેના વિઝા માટે એપ્લિકેશન કરી હતી. યુકે દ્વારા સંજય દત્તની વિઝા અરજી ફગાવી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે. મિડ ડેના રિપોર્ટ મુજબ, ટાડા અને આર્મ્સ એક્ટ હેઠળ સંજય દત્તની ધરપકડ થઈ હતી. ૧૯૯૩માં થયેલા મુંબઈ બોમ્બ ધડાકાના આરોપી પાસેથી સંજય દત્તે ગેરકાયદે હથિયાર ખરીદ્યા હતા અને પોતાની પાસે રાખ્યા હતા. આ મામલે સંજય દત્તને જેલની સજા થઈ હતી. ૨૦૧૬માં સંજય દત્તનો જેલમાંથી છુટકારો થયો હતો. આમ, કાયદાની દૃષ્ટિએ સંજય દત્ત એક ગુનેગાર છે અને યુનાઈટેડ કિંગડમના નિયમો મુજબ તેને વિઝા આપી શકાય નહી. જેથી યુકેની સરકારે સંજય દત્તના વિઝા રદ કરી દીધાં છે. સંજય દત્તના વિઝા રદ થયા હોવાની માહિતી 'સન ઓફ સરદાર'ના મેકર્સને અપાઈ હતી. સંજય દત્ત સાથે યુકેમાં શૂટિંગ શરૂ કરવાનું શક્ય ન હતું. સંજય દત્ત સાથે ફિલ્મ કરવી હોય તો તેનું લોકેશન બદલવું પડે. નવેમ્બર મહિનાથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે અને તેના માટે લોકેશન ફાઈનલ થઈ ગયા છે અને તમામ તૈયારીઓ થઈ ગઈ છે. આ સ્થિતિમાં લોકેશન બદલી શકાય નહીં, તેથી ફિલ્મના મેકર્સે સંજય દત્તને અલવિદા કહેવાનું નક્કી કર્યું હતું. સંજય દત્તના બદલે 'સન ઓફ સરદાર ૨'માં રવિ કિશનને રોલ અપાયો છે. મિડ ડેના રિપોર્ટમાં જણાવાયું હતું કે, ૧૯૯૩માં ધરપકડ બાદ સંજય દત્તે અમેરિકાનો પ્રવાસ કર્યો હતો.



# રાઝી ફેમ એક્ટર અશ્વથ ઈસ્તાંબુલ ગયાને લૂંટાયા

## સીતા રામમ જેવી સુપરહિટ ફિલ્મોનો ભાગ રહી ચૂકેલા અશ્વથ તુર્કીના ઈસ્તાંબુલમાં ગયા હતા



રાઝી, સીતા રામમ જેવી સુપરહિટ ફિલ્મોનો ભાગ રહી ચૂકેલા અશ્વથ ભટ્ટ તુર્કીના ઈસ્તાંબુલમાં રજાઓ ગાળવા ગયા હતા. સાથે વાત કરતા અશ્વથે જણાવ્યું કે ૪ ઓગસ્ટે તેના પર પાછળથી લૂંટારાઓએ હુમલો કર્યો હતો. અશ્વથે કહ્યું- હું ગલતા ટાવર તરફ જઈ રહ્યો હતો, ત્યારે એક વ્યક્તિ મારી પાસે આવ્યો. તેના હાથમાં સાંકળ હતી, અને શું થઈ રહ્યું છે તે હું સંપૂર્ણપણે સમજી શકું તે પહેલાં, તેણે મને પીઠ પર માર્યો. પાછળ ફરીને જોતાં મને સમજાયું કે તે કદાચ કોઈ ટોળકી હતી જે મારી બેગ છીનવવાનો પ્રયાસ કરી રહી હતી. એક ક્ષણ માટે તો હું વિચારતો રહી ગયો કે આ શું થઈ રહ્યું છે? પરંતુ મને લાગે છે કે તેમને અપેક્ષા નહોતી કે હું વિરોધ કરીશ અને લડીશ. જ્યારે તે મારી બેગ છીનવવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે એક કેબ ડ્રાઈવરે અટકાવ્યો અને દરમિયાનગીરી કરી. લૂંટારાએ તુર્કીમાં કંઈક કહ્યું અને પછી ભાગી ગયો. કેબ ડ્રાઈવરે મારો ઘા જોયો અને તરત જ મને પોલીસ પાસે જવાનું કહ્યું. અશ્વથે વધુમાં જણાવ્યું કે ઘણા લોકોએ તેને ચેતવણી આપી હતી. પરંતુ તે તેને હળવાશથી લેતો હતો. અભિનેતાએ કહ્યું- આ દુર્ભાગ્યપૂર્ણ છે કે આવી ઘટના બની, ખાસ કરીને આવા ટૂરિસ્ટ પ્લેસમાં. લોકોને વારંવાર સલાહ આપવામાં આવે છે કે તેઓ સામેલ ન થાય અને પોલીસને જાણ ન કરે. એ શબ્દો 'નકામું અફેર' મને પરેશાન કરે છે. લોકો મૂવી જુએ છે અને વિચારે છે કે તુર્કીમાં બધું રોમેન્ટિક છે, પરંતુ જો આપણે ગુનાઓની જાણ નહીં કરીએ, તો આ ઘટનાઓ વધશે. બધાએ મને પિકપોકેટ્સ વિશે ચેતવણી આપી હતી, પરંતુ આ મારી કલ્પનાની બહાર હતું. હું મધ્ય પૂર્વ, ઈજિપ્ત અને યુરોપના ઘણા ભાગોમાં ગયો છું અને મારી સાથે આવું ક્યારેય બન્યું નથી. અશ્વથે જણાવ્યું કે જ્યારે તે પેટ્રોલિંગ કારની નજીક પહોંચ્યો ત્યારે પોલીસ અધિકારીઓએ તેને ટુરિસ્ટ પોલીસને ઘટના વિશે જાણ કરવા કહ્યું અને તેને આગળ પોલીસ સ્ટેશન મોકલવામાં આવ્યો. રિપોર્ટ અનુસાર આ મામલે હજુ સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી. વિનેશે ક્વાર્ટર ફાઈનલ મેચમાં યુક્રેનની ઓસાના લિવાચને હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. તેણે આઠમી ક્રમાંકિત કુસ્તીબાજને ૭-૫થી હરાવ્યો. જ્યારે અગાઉ પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં તેણે ટોચની ક્રમાંકિત જાપાનની યુઈ સુસાકીને ૩-૨થી હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો. હવે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જો વિનેશ ફોગાટ ફાઈનલમાં આવું જ મજબૂત પ્રદર્શન કરશે તો તે ભારતને આ વર્ષનો પહેલો ગોલ્ડ જીતવામાં મદદ કરશે.




### 'મોદીના વિરોધ પછી પણ તક મળી...'

# વિનેશ ફોગાટની જીત પર કંગનાએ કરી કટાક્ષ પોસ્ટ

વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ઈતિહાસ રચ્યો છે. તેણીએ મહિલાઓની ૫૦ કિગ્રા વર્ગની સેમિફાઈનલમાં ક્યુબાના કુસ્તીબાજ યુસ્નેલિસ ગુઝમેનને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી છે. આ સાથે વિનેશ ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની ગઈ છે. આ દરમિયાન કંગનાએ તેની જીત પર પ્રતિક્રિયા આપી છે. વિનેશ ફોગાટે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ઈતિહાસ રચ્યો છે. તેણે મહિલાઓની ૫૦ કિગ્રા વર્ગની સેમિફાઈનલમાં ક્યુબાની કુસ્તીબાજ યુસ્નેલિસ ગુઝમેનને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી છે. આ સાથે વિનેશ ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની ગઈ છે. હાલ સોશિયલ મીડિયા પર તેની ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન અભિનેત્રી અને હિમાચલ પ્રદેશના મંડીથી બીજેપી સાંસદ કંગના રનૌતે રેસલર વિનેશ ફોગટની આ મોટી જીત પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેણે પોતાની ઈન્સ્ટા સ્ટોરી પર લખ્યું, 'હું ભારતને પહેલું ગોલ્ડ મળે તે માટે પ્રાર્થના કરી રહી છું. વિનેશ ફોગટે એકવાર આંદોલનમાં ભાગ લીધો હતો, જેમાં તેણે કહ્યું હતું કે 'મોદી તમારી કબર ખોદશે'. આમ છતાં તેને દેશનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળ્યો. તેને શ્રેષ્ઠ તાલીમ, કોચ અને સુવિધાઓ મળી. આ લોકશાહીની સુંદરતા અને સારા નેતા છે. ગયા વર્ષે ૨૯ વર્ષીય રેસલર વિનેશ ફોગાટે ભારતીય રેસલિંગ ફેડરેશનના ભૂતપૂર્વ વડા બ્રિજ ભૂષણ સિંહ શરણ પર યૌન શોષણનો આરોપ લગાવ્યો હતો. આ પછી, તે લાંબા સમય સુધી કુસ્તીથી દૂર રહી અને તેની સામે વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરતી રહી. જો કે, હવે વિનેશ ફોગાટે ઓલિમ્પિકમાં પ્રવેશતાની સાથે જ હલચલ મચાવી દીધી છે. વિનેશ ૫૦ કિલોગ્રામમાં પ્રથમ વખત પડકારરૂપ છે. પહેલા તે ૫૩ કિગ્રામાં રમતી હતી.




### 'સ્પિરિટ' પહેલા દિવસે રૂ.૧૫૦ કરોડની કમાણી કરશે

# 'સ્પિરિટ' ફિલ્મમાં પ્રભાસ સાથે જોડી જમાવવવા ત્રિશા કૃષ્ણનને આમંત્રણ

બાહુબલિ ૨ની સફળતાના વર્ષો પછી પ્રભાસનો જમાનો પાછો આવ્યો છે. 'સાલાર' અને ત્યારબાદ 'કલ્કિ' હિટ રહેતાં પ્રભાસના સ્ટારડમ પરનો વિશ્વાસ વધ્યો છે અને ફિલ્મ મેકર્સ પ્રભાસ સાથે બિગ બજેટ પ્રોજેક્ટ પર કામ કરવા ઉત્સુક છે. પ્રભાસની આગામી ફિલ્મ 'સ્પિરિટ' છે. સંદીપ રેડ્ડી વાંગાના ડાયરેક્શનમાં આ ફિલ્મનું પ્લાનિંગ થઈ ગયું છે, પણ પ્રભાસ સાથેની લીડ એક્ટ્રેસ હજુ ફાઈનલ નથી. પ્રભાસ સાથે લીડ રોલ કરવા સાઉથની એક્ટ્રેસ ત્રિશાને આમંત્રણ અપાયું છે. ત્રિશા છેલ્લે વેબ સિરીઝ 'બ્રિન્દા'માં જોવા મળી હતી. આ ઉપરાંત 'પોન્નિયન સેલ્વન' તથા 'લિઓ'ના કારણે તેને દેશભરમાં લોકપ્રિયતા મળી છે. ત્રિશાને સંદીપ રેડ્ડી વાંગાએ લીડ રોલ માટે કહ્યું છે, પરંતુ હજુ પેપર વર્ક બાકી છે. સાઉથ કોરિયન એક્ટર લી ડોન્ગ-સીઓક 'સ્પિરિટ'માં વિલનના રોલ માટે ફાઈનલ હોવાનું કહેવાય છે. આ અંગે હજુ ઓફિશિયલ એનાઉન્સમેન્ટ થયું નથી. ફિલ્મનું શૂટિંગ શરૂ થતાં પહેલાં કાસ્ટ જાહેર કરવામાં આવશે. અગાઉ એક ઈન્ટરવ્યૂમાં સંદીપ રેડ્ડી વાંગાએ દાવો કર્યો હતો કે, પ્રભાસ સાથેની તેમની ફિલ્મ પહેલા દિવસે રૂ.૧૫૦ કરોડથી વધુનું કલેક્શન કરી લેશે. ડિજિટલ અને સેટેલાઈટ રાઈટ્સમાંથી ફિલ્મના બજેટ જેટલો ખર્ચ વસૂલ થઈ જવાનો તેમને વિશ્વાસ છે. ટીઝર, ટ્રેલર અને સોન્ગ્સ પ્રી-રિલીઝ જેવા તબક્કામાં સંદીપ વાંગાની ગણતરી મુજબ રીસ્પોન્સ મળ્યો તો પહેલા દિવસનું વર્લ્ડ વાઈડ કલેક્શન રૂ.૧૫૦ કરોડ થઈ શકે છે. સ્પિરિટનું પ્રોડક્શન ૨૦૨૫માં શરૂ થવાનું છે અને પ્રભાસની આ ૨૫મી ફિલ્મ છે.



### ચિત્રાંગદા સિંગ પાછલા કેટલાક સમયથી ફિલ્મોમાં જોવા મળી નથી

# ચિત્રાંગદા સિંગની વેબ સિરીઝ 'ખાખી' સિઝન-૨માં વાપસી

ચિત્રાંગદા સિંગ પાછલા કેટલાક સમયથી ફિલ્મોમાં જોવા મળી નથી. ૨૦૨૩માં સારા અલી ખાન સાથે 'ગેસલાઈટ' બાદ ચિત્રાંગદાની કોઈ ફિલ્મ આવી નથી. ચિત્રાંગદાને સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેવાનો ખાસ શોખ નથી, જેના કારણે કોઈ પ્રોજેક્ટના કારણે જ તે વધારે ચર્ચામાં રહે છે. અક્ષય કુમારની આગામી ફિલ્મ ખેલ ખેલ મૈંમાં ચિત્રાંગદાનો કેમિયો છે. આ ફિલ્મની રિલીઝ પૂર્વે ચિત્રાંગદાની વેબ સિરીઝ પાકી થઈ છે, જેને ફિલ્મ મેકર નિરજ પાંડે બનાવવાના છે. આ સિરીઝને ટૂંકમાં ખાખી ૨ તરીકે ઓળખવામાં આવે છે. ચિત્રાંગદાએ આગામી ઓટીટી પ્રોજેક્ટ અંગે વાત કરતાં કહ્યું હતું કે, અધકચરી વાતો જાહેર કરવામાં તેને ખચકાટ થાય છે. વેબ સિરીઝની વાત હોય ત્યારે બધું નક્કી થાય પછી જ કહેવું જોઈએ. તેનું ફોર્મેટ લાંબુ છે અને લખાણ અદભૂત હોવું જોઈએ. તેથી સમય લાગે છે. જો કે હવે નક્કી છે કે નિરજ પાંડેના ડાયરેક્શનમાં 'ખાખીઃ ધ બેંગાલ ચેપ્ટર' બનવાની છે. અગાઉ ખાખી સિરીઝની પહેલી સિઝન આવી હતી. અમે તેનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ઉપરાંત એક ફિલ્મ પણ સાઈન કરવાની છું. અન્ય એક પ્રોજેક્ટ પાઈપલાઈનમાં છે. ચિત્રાંગદા સિંગે દેશી બોય્ઝ, ઈનકાર, બોબ બિસ્વાસ જેવી યાદગાર ફિલ્મોમાં કામ કર્યું છે. એક્ટિંગની સારી ઓફર હાથ પર ન હોય ત્યારે ચિત્રાંગદા પ્રોડક્શન પર હાથ અજમાવે છે. ચિત્રાંગદાએ કહ્યું હતું કે, તેણે ફિલ્મો હાથ પર ન હતી ત્યારે ૨૦૧૮માં 'સુરમા' બનાવી હતી. હાલ પણ એક પ્રોજેક્ટ પર કામ કરી રહી છે.






### 'મિસીસ દેશપાંડે' નામની ફિલ્મની સ્ટોરીમાં માસૂમ ચહેરો માધુરી દિક્ષિત

# OTT થ્રિલર ફિલ્મ 'CTRL'માં અનન્યા પાંડે બનશે કન્ટેન્ટ ક્રીએટર




અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે અન તેનું ફેન ફોલોઈંગ પણ મોટું છે. રીલ લાઈફમાં અનન્યા પાંડે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરનો રોલ કરવાની છે. અનન્યા અને તેનો પાર્ટનર વિહાન સામત કન્ટેન્ટ ક્રીએટર છે અને તેમને ઘણાં લોકો ફોલો કરે છે. સોશિયલ મીડિયાની આ હિટ જોડી વચ્ચે મનદુઃખ થાય છે અને તેઓ છૂટા પડે છે. ત્યારબાદ બંનેના જીવનમાં આવેલી ઉથલ-પાથલને આ ફિલ્મમાં રજૂ કરાઈ છે. વિક્રમાદિત્ય મોટવાનેના ડાયરેક્શનમાંસોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કપલના છૂટા પડ્યા બાદ સર્જાયેલી ઉથલ-પાથલ રજૂ થશે 'CTRL' બની રહી છે. આ ફિલ્મમાં અનન્યા અને વિહાનના લીડ રોલ છે. નેટફિલક્સ પર આ ફિલ્મનું ૪ ઓક્ટોબરે પ્રીમિયર થવાનું છે. ફિલ્મમાં અનન્યાએ નેલ્લા અવસ્થી અને વિહાને જો માસ્કરેન્સનો રોલ કર્યો છે. તેઓ એકબીજાને ચાહતા હોવાથી સાથે રહે છે અને સાથે કામ કરે છે. નેલ્લા અને જોને સોશિયલ મીડિયા પર લોકો ખૂબ ચાહે છે. કોઈ કારણોસર તેમની વચ્ચે બ્રેકઅપ થાય છે અને સુંદર-આદર્શ લાગતી આ જોડીના બેહૂદા પાસાં બહાર આવે છે. સોશિયલ મીડિયાના દુરુપયોગ અન તેની અંગત જીવન પર અસરોને આ ફિલ્મમાં દર્શાવવામાં આવી છે.




# એડલ્ટ સ્ટારનું ટેગ ભારરૂપ લાગવા માંડ્યું

સની લિઓનીને બોલિવૂડમાં ૧૩ વર્ષનો સમય વીતી ચૂક્યો છે. ભારતમાં આગમન કર્યું ત્યારે ઠીક હતું, પરંતુ ૧૩ વર્ષે પણ લોકો જૂની ઓળખ જ યાદ રાખે છેઃ સની, ૨૦૧૨માં સનીની પહેલી ફિલ્મ જિસ્મ ૨ આવી હતી. તે પછી સનીએ 'રાગિની એમએમએસ ૨', 'એક પહેલી લીલા' અને 'મસ્તીજાદે' જેવી ફિલ્મોમાં કામ કરેલું છે. સનીએ 'બિગ બોસ' બાદ બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. શરૂઆતના સમયમાં સનીને એડલ્ટ સ્ટાર તરીકે ઓળખાવવામાં આવતી હતી. આ ઓળખના કારણે જ સની ઝડપથી જાણીતી બની હતી. સનીને શરૂઆતના તબક્કે આ ઓળખ સામે કોઈ વાંધો ન હતો, પરંતુ હવે તેને એડલ્ટ સ્ટારનું ટેગ બોજારૂપ લાગવા માંડ્યું છે. સનીનું માનવું છે કે, સમયની સાથે વ્યક્તિ બદલાય છે અને તેનું કામ પણ બદલાય છે. કોઈ એક પ્રવૃત્તિને હંમેશા તેની ઓળખ બનાવી દેવાય તે યોગ્ય નથી. સની લિઓનીએ જણાવ્યું હતું કે, લોકો હજુ પણ મને નકારાત્મક રીતે જુએ છે અને આ બાબત ખૂંચે છે. જો કે મારી નિકટના લોકો સંરક્ષક દિવાલનું કામ કરે છે અને મને આ પ્રકારની નકારાત્મકાથી બચાવે છે. મારા માટે નકારાત્મક માન્યતા ધરાવતા લોકોની સામે બચાવનું કામ મારા મિત્રો અને પરિવારજનો કરે છે. સની લિઓનીએ પોતાની ટીકા કરનારા કે અગાઉની એડલ્ટ ફિલ્મો માટે નકારાત્મક છબિ ધરાવનારા લોકો માટે કોઈ ફરિયાદ પણ નથી. સનીનું ફોકસ હાલ પોતાની કરિયર પર છે. કારણ કે, બોલિવૂડમાં લાંબા સમયથી તેને ખાસ ઓફર મળી નથી. અનુરાગ કશ્યપે છેલ્લે થ્રિલર ફિલ્મ કેનેડીમાં સનીને લીધી હતી. આ ફિલ્મ ૨૦૨૩ કાન્સ ફેસ્ટિવલમાં પ્રીમિયર થઈ હતી. જો કે અનુરાગની ફિલ્મો કમર્શિયલ રીતે હિટ નથી હોતી અને સનીને મોટા બનેર સાથે હિટ ફિલ્મ કરવાની ઈચ્છા છે.



# દાહોદ જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી બે નાના બાળકો દ્વારા કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

દાહોદ જિલ્લા ના તમામ તાલુકા શહેરમાં વિશ્વ આદિવાસી દિવસ ના ભાગ રૂપે જિલ્લા ના તમામ વિસ્તાર માં રેલી કાઢી ઉજવણી કરી હતી જળ જમીન જંગલ ના રક્ષક આદિવાસી ના નારા સાથે ભવ્ય રેલી દાહોદ શહેર ઝાલોદ. લીમખેડા ફતેપુરા ગરબાડા દેવગઢ બારીઆ ધાનપુર માં આદિવાસીઓ યુવા અને નાના બાળકો એ પણ વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી કરી હતી જેમાં આ નાના બાળકો ને પણ કેટલો પોતા ના સમાજ માટે ઉજવણી કરવા નો ખુબ ઉત્સાહ દેખાઈ રહ્યો છે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવા બાળક ને ખુબ જ ઉત્સાહ હોય તે આ તસવીર માં દેખાઈ રહ્યું છે આ બે નાના બાળક દાહોદ શહેર ના રહેવાસી છે તેમનું નામ નક્સ બારીઆ અને ગાથા બારીઆ છે પોતા ના સમાજ માટે આદિવાસી પહેરવેશ પહેરી રેલી માં ભાગ લીધેલ હતો.

### માનવ સેવા ટ્રસ્ટના સહયોગથી કીર્તનનુ આયોજન કરાયું

# ઝાલોદ પંચાલ સમાજની બહેનો દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મોક્ષધામ ખાતે કીર્તન કરાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

જીવનનો અંતિમ વિસામો એટલે મોક્ષધામ ... જ્યાં માનવી ફક્ત માનવી કોઈની અંતિમવિધિ કરવા મોક્ષધામ ખાતે આવતો હોય છે. મોક્ષધામ એ માનવીના જીવનનું છેલ્લું સરનામું છે જ્યાં માનવી એ આવવું જ પડે છે એ જીવનની સત્ય હકીકત છે. સામાન્ય રીતે મોક્ષધામ ખાતે કોઈ હરવા ફરવા આવતું નથી. સામાન્ય માનવીને પણ જો મોક્ષધામ જીવતે જીવ જાય તો મનમાં ઘણા બધા અવિરત સવાલો કરતો હોય છે. ત્યારે મોક્ષધામ ખાતે પંચાલ સમાજની બહેનો દ્વારા માનવ સેવાના સહયોગ થી શ્રાવણના પવિત્ર દિવસોમાં ભગવાન શિવના કીર્તન મોક્ષધામ ખાતે કરવામાં આવેલ હતું. પંચાલ સમાજની બહેનોને જ્યારે પૂછવામાં આવ્યું કે મોક્ષધામ ખાતે ભજન કરવાનો લ્હાવો મળ્યો તો કેવું લાગ્યું તો તેમણે ખૂબ જ શાલીનતા સાથે જવાન આપ્યો કે જીવનના છેલ્લા સરનામા પર આવીને આજે ભજન કીર્તન કરવાથી એવું લાગ્યું કે શ્રાવણ માસના પવિત્ર દિવસમા સાક્ષાત ભગવાન શિવના દરબારમાં કીર્તન કરી રહ્યા છીએ. નારી શક્તિ દ્વારા પ્રેરણા દાયક સુંદર કીર્તન કરીને અનેરું આકર્ષણ ઉભુ કર્યું હતું.

# જય જોહાર, જય આદિવાસી એક તીર એક કમાન આદિવાસી એક સમાન જેવા નારા થી ઝાલોદ નગર ગુંજી ઉઠયું

### તોરલ રાઠવા, કમલેશ બારોટ, ભાવેશ ખાંટ જેવા કલાકારોને જોવા તેમજ સાંભળવાનો અનેરો લ્હાવો ઉપસ્થિત લોકોએ લીધો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

૯'' ઑગસ્ટ એટલે વિશ્વ આદિવાસી દિવસ, આજે પણ આદિવાસી સમાજના લોકોએ સામાન્ય લોકો થી અલગ પડી પોતાની સંસ્કૃતિ જાળવી રાખી છે. તેમજ તેઓની પરંપરા, પહેરવેશ, ઉત્સવ, પ્રાકૃતિક ઈલાજ, સંસ્કૃતિ, વિવિધ મેળાઓ જેવી પ્રવૃત્તિ થી ભારત વર્ષમા તેમની આગવી છાપ ઉભી કરેલ છે. આજે પણ આદિવાસી સમાજના લોકો પ્રકૃતિ હેઠળ આવતા જંગલ જમીન, પાણી જેવા કુદરતી સ્ત્રોત થી પોતાનું જીવન ગુજરાન ચલાવે છે.

આજરોજ વિશ્વ આદિવાસી દિવસ નિમિતે ભીલ રાજા વસૈયા ચોક પર આદિવાસી સમાજના લોકો ભેગા થયા હતા. ભીલ રાજા વસૈયા ચોક પર પૂજન અર્ચન કરી ડી.જે ના તાલે નગરમાં રેલી કાઢવામાં આવી હતી. આ રેલીનુ મુખ્ય આકર્ષણ તોરલ રાઠવા, કમલેશ બારોટ, ભાવેશ ખાંટ જેવા કલાકારો હતા જેમણે પોતાની ગાયકી થકી ટીમલી ડાંસ તેમજ આદિવાસી સંસ્કૃતિને અનુરૂપ ગીતો ગાઈ સહુના દિલ જીતી લીધા હતા. આદિવાસી સમાજના લોકો દ્વારા રેલીમાં પોતાની સાંસ્કૃતિક ઓળખાણ એવા તીર કામઠા, તલવાર તેમજ વિવિધ શસ્ત્રો લઈ આદિવાસી નૃત્ય કરતા જોવા મળતા હતા. આદિવાસી સમાજના લોકો ખૂબ જ મોટા પ્રમાણમાં આ રેલીમાં જોવા મળતા હતા. જય જોહાર, એક તીર એક કમાન આદિવાસી એક સમાન જેવા નારા સાથે ભીલ રાજા વસૈયા ચોક થી, બસ સ્ટેશન, આંબેડકર ચોક, સ્વર્ણિમ સર્કલ થી મીઠાચોક, શહિદ રાજેશ ચોક, બસ સ્ટેશન થઈ મુવાડા આ રેલી પૂર્ણ કરવામાં આવી હતી. આ રેલીમાં આદિવાસી સમાજના લોકો આદિવાસી સ્વાંગમા સજ્જ થઈ પોતાની સંસ્કૃતિને ઉજાગર કરતા જોવા મળેલ હતા. આદિવાસી સમાજને સંબોધતા સહુ લોકોએ આદિવાસી એક બને તેવું આહ્વાન કર્યું હતું. આદિવાસી દિવસ નિમિતે સ્કૂલ ,કોલેજ મા જાહેર રજા હોવાથી ખૂબ મોટા પ્રમાણમાં રેલીમાં માનવ મહેરામણ જોવા મળ્યો હતો. રેલી દરમિયાન પોલિસ તંત્ર દ્વારા સુંદર ટ્રાફિક સંચાલન કરવામાં આવ્યું હતું.


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તારીખ ૬/૮/૨૦૨૪ થી તારીખ ૮/૮/૨૦૨૪ ત્રણ દિવસ સુધી ધોરણ ૧ અને ૨ નવીન અભ્યાસક્રમ સામગ્રી ઉપયોગ ની તાલીમ યોજાય જેમા ફુલપુરા મુખ્ય પ્રાથમિક શાળા ના મદદનીશ શિક્ષક ચૌહાણ પૂજાબેન ચંદ્રવદન માસ્ટર ટ્રેનર તરીકે શ્રેષ્ઠ કામગીરી કરી અને ટ્રેનર્સ ને ખૂબ સરસ સમજ આપવમા આવી.

# દાહોદ જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી બે નાના બાળકો દ્વારા કરવામાં આવી


તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ



। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૯ ।

દાહોદ જિલ્લા ના તમામ તાલુકા શહેર માં વિશ્વ આદિવાસી દિવસ ના ભાગ રૂપે જિલ્લા ના તમામ વિસ્તાર માં રેલી કાઢી ઉજવણી કરી હતી જળ જમીન જંગલ ના રક્ષક આદિવાસી ના નારા સાથે ભવ્ય રેલી દાહોદ શહેર ઝાલોદ.લીમખેડા ફતેપુરા ગરબાડા દેવગઢ બારીઆ ધાનપુર માં આદિવાસીઓ યુવા અને નાના બાળકો એ પણ વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી કરી હતી જેમાં આ નાના બાળકો ને પણ કેટલો પોતા ના સમાજ માટે ઉજવણી કરવા નો ખુબ ઉત્સાહ દેખાઈ રહ્યો છે વિશ્વ આદિવાસી દિવસ ઉજવવા બાળક ને ખુબ જ ઉત્સાહ હોય તે આ તસવીર માં દેખાઈ રહ્યું છે આ બે નાના બાળક દાહોદ શહેર ના રહેવાસી છે તેમનું નામ નક્સ બારીઆ અને ગાથા બારીઆ છે પોતા ના સમાજ માટે આદિવાસી પહેરવેશ પહેરી રેલી માં ભાગ લીધેલ હતો.

# ગાયત્રી માધ્યમિક શાળા ચિત્રોડીયામા વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

શ્રી ગાયત્રી માધ્યમિક શાળા ચિત્રોડીયામા વિશ્વ આદિવાસી દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ભજન સ્પર્ધા, જેવી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધાઓમા વિધાર્થીઓ આદિવાસી સંસ્કૃતિના પહેરવેશ પહેરી શાળામાં આવ્યા હતા. ત્યાર બાદ શાળા મંડળના પ્રમુખ અને ગ્રામજનોએ પણ આ દિવસની ઉજવણીમા વિધાર્થીઓને પ્રોત્સાહન મળે તે માટે હાજર રહી વિદ્યાર્થીનો ઉત્સાહ વધાર્યો હતો. શાળાના આચાર્ય તથા શિક્ષકો દ્વારા આદિવાસી સંસ્કૃતિ અને બિરસા મુડા દ્વારા અંગ્રજો સામે કરેલ લડતની માહિતી વિદ્યાર્થી ને આપવામાં આવી હતી. ત્યાર બાદ અંતે આદિવાસી લોક નૃત્ય કરવામા આવ્યા અને ઉત્સાહ પૂર્વક આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે પ્રાથમિક શાળામાં આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

આજ રોજ ૯ ઓગસ્ટ 'વિશ્વ આદિવાસી દિવસ' નિમિતે ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે ગામના તેમજ નજીકના ગામોના વડીલો, ભાઈઓ, બહેનો, કર્મચારીઓ, શાળાના બાળકો, શિક્ષકો, વિધાર્થીઓના વાલીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.. સૌ પ્રથમ માધ્યમિક શાળામાં સૌ ભેગા થઈ રેલી સ્વરૂપે પ્રાથમિક શાળામાં પહોંચ્યા.. પ્રાથમિક શાળાના શિક્ષકશ્રીઓ દ્વારા બાળકોને તૈયાર કરી સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી... ત્યાર બાદ ઉપસ્થિત વડીલો દ્વારા ૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ ઉજવણીનુ મહત્વ વિશે વક્તવ્ય આપ્યું... ગામમાં શિક્ષણનો વ્યાપ વધે તમામ બાળકો દરેક ક્ષેત્રે અગ્રેસર થાય તે માટે શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવ્યું... સંપસભા ડુંગરીના સહયોગથી અને આદિવાસી શિક્ષણ મંડળી દ્વારા શાળામાં નવોદય, એકલવ્ય, હદ્ભદ્જ જેવી પરીક્ષાની તૈયારી કરતા બાળકોને પરીક્ષા અંતર્ગત પુસ્તક આપવામાં આવ્યા.. શાળામાં સુંદર પ્રેરણાત્મક કામગીરી કરતા આચાર્ય અને શિક્ષકનુ સન્માન કરવામાં આવ્યું... અંતે આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજનો દિવસ તમારા માટે લાભદાયક દિવસ સાબિત થશે, તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. આજે તમે તમારા ઘરના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપ યોગ કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો.

**તુલા (ર,ત) :**
આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. બાળકો તમારૂં ધ્યાન માગે છે પણ બદલામાં ખુશીઓ આપે છે. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી. કાર્યસ્થળે ઊભા થનારા વિરોધ સામે ખાસ કરીને ચોકસાઈભર્યા અને હિંમતવાન બનો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દૃઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પરિવારના સભ્યો સાથે સમય વિતાવવો આનંદદાયક સાબિત થશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? સંબંધીઓ તમારી માટે અણધારી ભેટ લાવશે સાથે જ તેમની પાસેથી કોઈક મદદની પણ અપેક્ષા રાખજો. જો તમારે તમારા પ્રેમ જીવનસાથી ને જીવનસાથી બનાવવો હોય તો તમે આજે તેમની સાથે વાત કરી શકો છો.

**મકર (ખ,જ) :**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. આજે રોમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે-શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો.

# તાજેતરના હુમલાના ૨ દિવસ પછી પણ રશિયા-યુક્રેનની લડાઈ ચાલુ

## કુર્સ્ક પ્રાદેશિક કાર્યકારી ગવર્નર એલેક્સી સ્મિર્નોવે જણાવ્યું હતું કે હજારો રહેવાસીઓને યુદ્ધ દરમિયાન સ્થળાંતર કરવામાં આવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ત્રીજા દિવસે પણ રશિયન સૈનિકોએ યુક્રેનિયન સૈનિકો સાથે ચાલુ રાખી હતી. યુક્રેનિયન સૈનિકોએ કુર્સ્ક વિસ્તારમાં રશિયન સરહદનો ભંગ કર્યો. બે વર્ષ જૂના યુદ્ધમાં રશિયા પરના સૌથી મોટા યુક્રેનિયન હુમલાઓમાંના એકમાં, રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૬ ઓગસ્ટની સવારે લગભગ ૧,000 યુક્રેનિયન સૈનિકોએ ટેન્ક અને સશસ્ત્ર વાહનો સાથે રશિયામાં સરહદ પાર કરી હતી. જેઓ હવામાં ડ્રોન અને ભારે તોપખાનાઓથી ઘેરાયેલા હતા. સુડઝા શહેરની નજીક ભીષણ લડાઈની જાણ કરવામાં આવી છે, જ્યાં રશિયન કુદરતી ગેસ યુક્રેનમાં વહે છે, યુરોપમાં પરિવહનના પ્રવાહને અચાનક અટકાવવાની આશંકા ઊભી કરે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને



ફેબ્રુઆરી ૨૦૨૨માં યુક્રેનમાં સૈનિકો મોકલ્યાના લગભગ અઢી વર્ષ બાદ આ ઘૂસણખોરી રશિયા માટે એક ફટકો છે.પુતિને યુક્રેનિયન હુમલાને 'મોટી ઉશ્કેરણી' ગણાવી છે. ક્રેમલિન-વફાદાર રાજકીય પક્ષના નેતા સેરગેઈ મીરોનોવે તેને ''આતંકવાદી હુમલો'' અને ''આંતરરાષ્ટ્રીય રીતે માન્ય વિદેશી પ્રદેશ પર આક્રમણ'' ગણાવ્યું.કુર્સ્ક પ્રાદેશિક કાર્યકારી ગવર્નર એલેક્સી સ્મિર્નોવે જણાવ્યું હતું કે હજારો રહેવાસીઓને સ્થળાંતર કરવામાં આવ્યા છે. વ્હાઈટ હાઉસે કહ્યું કે અમેરિકાને આ હુમલા અંગે અગાઉથી કોઈ માહિતી નથી અને તે કિવ પાસેથી વધુ માહિતી માંગશે. રશિયાના સંરક્ષણ મંત્રાલયે ગુરુવારે જણાવ્યું હતું કે સેના અને ફેડરલ સિક્યુરિટી સર્વિસે યુક્રેનને બ્લોક કરી દીધું છે અને કુર્સ્ક વિસ્તારમાં યુક્રેનિયન એકમો સામે લડી રહ્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે ઉત્તરીય દળો, રશિયાના એફએસબી સાથે મળીને, કુર્સ્ક પ્રદેશના સુડઝેન્સ્કી અને કોરેનેવસ્કી જિલ્લાઓમાં યુક્રેનની સશસ્ત્ર દળોને નષ્ટ કરવાનું ચાલુ રાખે છે, જે રશિયન-યુક્રેનિયન સરહદે છે.યુક્રેનિયન સૈન્ય કુર્સ્ક આક્રમણ પર મૌન રહ્યું છે, જોકે રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ ગુરુવારે યુક્રેનિયન સૈન્યની 'આશ્ચર્ય' અને પરિણામો પ્રાપ્ત કરવાની ક્ષમતા માટે પ્રશંસા કરી હતી. તેણે કુર્સ્કનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હતો. યુક્રેનના ઉર્જા મંત્રીએ કહ્યું કે સુડઝા દ્વારા ગેસ પરિવહન હજુ પણ કામ કરી રહ્યું છે. મોટાભાગના EU દેશોએ રશિયન ગેસ પરની તેમની નિર્ભરતા ઓછી કરી છે, પરંતુ ઑસ્ટ્રિયા એક એવો દેશ છે જે હજુ પણ તેનો મોટાભાગનો ગેસ યુક્રેન મારફતે મેળવે છે.આ લડાઈ સંઘર્ષના નિર્ણાયક તબક્કે આવે છે, જે બીજા વિશ્વયુદ્ધ પછી યુરોપમાં સૌથી મોટું જમીન યુદ્ધ છે. કિવને ચિંતા છે કે જો રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પ નવેમ્બરમાં પ્રમુખપદની ચૂંટણી જીતે છે તો યુએસ સમર્થન નબળું પડી શકે છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ યુદ્ધનો અંત લાવશે, રશિયા અને યુક્રેન બંને યુદ્ધના મેદાનમાં સૌથી મજબૂત સંભવિત સોદાબાજીની સ્થિતિ મેળવવા આતુર છે. યુક્રેન રશિયન સેનાને રોકવા માંગે છે, જે તેના ૧૮ ટકા વિસ્તાર પર નિયંત્રણ ધરાવે છે.

## રાજ્યના પાંચ આઈએએસએ કરાવવો પડશે સ્વાસ્થ્ય પરીક્ષણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

પૂજા ખેડકરની ઘટના બાદ હવે કેન્દ્ર સરકારનું DOPT (ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ) પણ એલર્ટ થઈ ગયું છે. પૂજા ખેડકર જેવા નકલી અધિકારીઓ અન્ય રાજ્યોમાં ન હોય તે તપાસવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. દેશના તમામ રાજ્યોમાં કોઈપણ વિકલાંગ અધિકારીની વિકલાંગતાની તપાસ કરવા માટે દરેક રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પૂજા ખેડકરની બહુચર્ચિત ઘટના બાદ હવે કેન્દ્ર સરકારનું ડીઓપીટી (કર્મચારી અને તાલીમ વિભાગ) પણ સતર્ક થઈ ગયું છે. પૂજા ખેડકર જેવા નકલી અધિકારીઓ અન્ય રાજ્યોમાં ન હોય તે તપાસવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. દેશના તમામ રાજ્યોમાં કોઈપણ વિકલાંગ અધિકારીની વિકલાંગતાની તપાસ કરવા માટે દરેક રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી છે.સૂત્રોનું માનીએ તો, ગુજરાત સરકારને પણ આવો જ આદેશ મળ્યો છે, જેના પછી ગુજરાતના પાંચ IAS અધિકારીઓએ સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવવું પડી શકે છે. આગામી દિવસોમાં આ અધિકારીઓના વિકલાંગતા પ્રમાણ પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉપરાંત તેમની વર્તમાન સ્થિતિની પણ તપાસ કરવામાં આવશે.

## નીરજ ચોપરાએ કહ્યું, 'હવે અમે આગળ તૈયારી કરીશું'

। (એજન્સી) પેરિસ, તા.૯ ।

ગોલ્ડ મેડલ માટે ભારતની સૌથી મોટી આશા, ડિફેન્ડિંગ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકની જેવલિન થ્રો ઈવેન્ટમાં ૮૯.૪૫ના પોતાના સિઝનના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે પાકિસ્તાનના અરશદ નદીમે ગોલ્ડ મેડલ મેળવ્યો. સિલ્વર મેડલ જીત્યા બાદ નીરજ ચોપરાએ 'આજ તક' સાથે વાત કરતા કહ્યું કે દરેક ખેલાડીનો પોતાનો દિવસ હોય છે, આજે અરશદનો દિવસ હતો.નીરજનો બીજો થ્રો તેનો એકમાત્ર માન્ય થ્રો હતો જેમાં તેણે ૮૯ રન બનાવ્યા હતા. ૪૫ મીટર ફેંક્યો. આ સિવાય તેના પાંચેય પ્રયાસો ફાઉલ હતા. નદીમે ૯૨.૯૭ મીટરના બીજા થ્રો સાથે નવો ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો. તેણે ૯૧.૭૯ મીટરનો છઠ્ઠો અને છેલ્લો થ્રો કર્યો હતો.' નીરજ ચોપરાએ કહ્યું, 'ક્યાંક એવું લાગતું હતું કે આજે સાતત્ય છે. એવું લાગતું હતું કે આજે તે દિવસ છે જ્યારે ૯૦ મીટરનો થ્રો બનાવવામાં આવે છે અને તેના વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. એ આજે આવવાનો હતો પણ... ક્યાંથી નીકળશે એ ખબર નથી.. જ્યારે અર્શદે ફેંક્યો ત્યારે મને ખાતરી હતી કે એ કરશે જ, આજે એ દિવસ છે, પણ એ ન થઈ શક્યું.. હજુ પણ એની પાસે પોતાના દેશ માટે મેડલ જીત્યો, ધ્વજ લઈને મેદાનમાં ચક્કર લગાવ્યા. દરેકની અપેક્ષા સુવર્ણ ચંદ્રકનો બચાવ કરવાની હતી, હું કહેવા માંગુ છું કે રમતગમતમાં તેના ઉતાર-ચઢાવ છે, તે લાંબા સમયથી મારો દિવસ રહ્યો છે, હું જીવ્યો છું, મેં વિશ્વાસ કર્યો છે અને હું તેને જીવ્યો છું. કદાચ આજનો દિવસ મારો ન હતો. આ સ્વીકારીને અમે આગળની તૈયારી કરીશું. આ સંઘર્ષ ચાલુ રહેશે.અરશદ નદીમની પ્રશંસા કરતાં નીરજે આગળ કહ્યું, 'જુઓ, જેણે મહેનત કરી છે તેને ચોક્કસ મળશે. અરશદ નદીમ આપણું ઘણું સન્માન કરે છે અને આપણી ફરજ છે કે જો કોઈ આપણી સાથે સરસ વાત કરે તો આપણે પણ તેની સાથે સરસ વાત કરીએ.



નવી દિલ્હીમાં સંસદભવન ખાતે બેઠક દરમિયાન યુએસએમાં ન્યૂ મેક્સિકોના ગવર્નર મિશેલ લુજન ગ્રીશમ અને અન્ય અધિકારીઓએ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સાથે મુલાકાત કરી.

## ૧૬ વર્ષના છોકરાએ ઘરમાંથી પિતાની રાઈફલ કાઢીને આત્મહત્યા કરી લીધી

। (એજન્સી) મુંબઈ, તા.૯ ।

મહારાષ્ટ્રના રાયગઢમાં, એક ૧૬ વર્ષના સગીર છોકરાએ તેના પિતાની લાઈસન્સવાળી રાઈફલથી પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. ૧૦મા ધોરણના વિદ્યાર્થીએ આ જીવલેણ પગલું કેમ ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ પોલીસે કહ્યું છે કે તે ઘણા મહિનાઓથી ડિપ્રેશનમાં હતો. મહારાષ્ટ્રના રાયગઢમાં એક સનસનીખેજ ઘટના સામે આવી છે. એક ૧૬ વર્ષીય સગીરે તેના પિતાની લાયસન્સવાળી રાઈફલ વડે ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ગુરુવારે એક છોકરાએ રાઈફલ વડે ગોળી મારીને આત્મહત્યા કરી લીધી.ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, અધિકારીએ કહ્યું કે સુવર્ણકારના પુત્ર સુયશ નાગરકરે આ પગલું શા માટે લીધું તેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે આ ઘટના રાયગઢના મહાડ વિસ્તારમાં બપોરે બની હતી જ્યારે ધોરણ ૧૦ની વિદ્યાર્થીની ઘરે એકલી હતી.અધિકારીએ કહ્યું, 'તે છેલ્લા કેટલાક મહિનાઓથી ડિપ્રેશનથી પીડિત હતો, જેના કારણે તે શાળાએ જતો ન હતો. તેણે રાઈફલની બેરલ તેના મોંમાં રાખી અને ટ્રિગર દબાવતા તેનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. તેમણે કહ્યું કે મહાડ પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોતનો કેસ નોંધવામાં આવ્યો છે.

### ઘણા વિદ્યાર્થીઓને પેટમાં દુખાવો અને છાતીમાં દુખાવો જેવી સમસ્યા થવા લાગી

# બાલાસોરમાં મિડ-ડે મીલ ખાધા પછી લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ બીમાર પડ્યા

## ઓડિશાના બાલાસોર જિલ્લાના સોરો બ્લોકના સિરાપુર ગામમાં મધ્યાહન ભોજનથી શાળાના બાળકો બીમાર પડવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે

। (એજન્સી) ઓડિશા, તા.૯ ।

ઓડિશાના બાલાસોર જિલ્લાના સોરો બ્લોકના સિરાપુર ગામમાં મધ્યાહન ભોજનથી શાળાના બાળકો બીમાર પડવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુરુવારે આ વિસ્તારની ઉદયનારાયણ નોડલ સ્કૂલના લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓ મધ્યાહ્ન ભોજન ખાધા પછી બીમાર પડ્યા હતા, જેમાં કથિત રીતે મૃત ગરોળી હતી.અહેવાલ મુજબ, વિદ્યાર્થીઓને તેમના મધ્યાહન ભોજનમાં ભાત અને કઢી આપવામાં આવી હતી. ભોજન શરૂ થયાના થોડા સમય બાદ એક બાળકને તેમાં ગરોળી જોવા મળી હતી, જેના કારણે વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો હતો. શાળાના અધિકારીઓએ ભોજનનું વિતરણ બંધ કરી દીધું અને વિદ્યાર્થીઓને ભોજન ન લેવા જણાવ્યું.ઘણા વિદ્યાર્થીઓને પેટમાં દુખાવો અને છાતીમાં દુખાવો જેવી સમસ્યાઓ થવા લાગી. આ પછી, શિક્ષકો એમ્બ્યુલન્સ અને અન્ય વાહનોની મદદથી અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને સોરો કોમ્યુનિટી હેલ્થ



સેન્ટર લઈ ગયા.સીએચસીની મેડિકલ ટીમે શાળાની મુલાકાત લીધી હતી અને બાળકોની સારવાર કરી હતી. તબીબી સારવાર લીધા પછી, વિદ્યાર્થીઓએ કથિત રૂપે ખાધો ખોરાક ઉલટી કરી હતી. તમામ અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને બાદમાં વધુ સારવાર માટે સીએચસીમાં દાખલ કરવામાં આવ્યા હતા.બ્લોક એજ્યુકેશન ઓફિસરે કહ્યું, ''મને માહિતી મળી છે કે ઉદયનારાયણ નોડલ સ્કૂલના કેટલાક વિદ્યાર્થીઓ મધ્યાહન ભોજન ખાધા પછી બીમાર પડ્યા છે. કેટલાક વાલીઓ અને શાળાના સ્ટાફે તેમને મેડિકલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે, ત્યાં ગયા પછી મને જાણવા મળ્યું કે બે વિદ્યાર્થીઓ છે. બીમાર હાલત ગંભીર છે, અહીં ૫૦ થી વધુ વિદ્યાર્થીઓ દાખલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેટલાક વાલીઓ સારવાર બાદ તેમના બાળકો સાથે ઘરે પરત ફર્યા છે.

જ્યારે કેટલાકની સારવાર ચાલી રહી છે. માથાનો દુખાવો, ચક્કર, ઉલટી જેવી સમસ્યાઓ શાળામાં આવી છે. ગરોળીના અસ્તિત્વ વિશે આપણે કહી શકીએ નહીં, પરંતુ આવું જ કંઈક થયું છે. તપાસ કરવામાં આવશે અને આમાં જે પણ સંડોવાયેલ હશે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.સ્કૂલના ઈન્ચાર્જ હેડમિસ્ટ્રેસ કબિતા સોરેને કહ્યું, ''મને ભોજન ઈન્ચાર્જનો ફોન આવ્યો કે મધ્યાહન ભોજનમાં ગરોળી મળી આવી છે, જેના પછી હું તરત જ ત્યાં પહોંચી ગઈ, પછી મેં ભોજનનો ઓર્ડર આપ્યો. અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોસ્પિટલમાં દાખલ છે, સ્થાનિક સરપંચ વિદ્યાર્થીઓ સાથે ગયા છે, હું મારી શાળાના અન્ય કર્મચારીઓ સાથે ત્યાં જવાની તૈયારી કરી રહ્યો છું.

# મહારાજા સૂરજમલ મેટ્રો સ્ટેશન પરથી એક વૃદ્ધે કૂદીને આત્મહત્યા કરી

## વૃદ્ધાએ મેટ્રો સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પરથી રોડ સાઇડમાં નીચે કૂદી પડયો હતો, જેના કારણે તેણે પોતાનો જીવ ગુમાવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીના મહારાજા સૂરજમલ મેટ્રો સ્ટેશન પરથી ૪૯ વર્ષના એક વ્યક્તિએ કૂદીને આત્મહત્યા કરી લીધી. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના ગુરુવારે બની હોવાનું કહેવાય છે. વૃદ્ધાએ મેટ્રો સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક પરથી રોડ સાઈડમાં નીચે કૂદી પડયો હતો. જેના કારણે તેણે જીવ ગુમાવ્યો હતો. બપોરે ૧ વાગે પોલીસ કંટ્રોલ રૂમને માહિતી મળી કે એક વ્યક્તિ મહારાજા સૂરજમલ સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનની ટોચ પર ચડી રહ્યો છે અને ત્યાંથી કૂદી ગયો. માહિતી મળતા જ એએસઆઈ બલવાન સિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ત્યાં કહેવામાં આવ્યું કે એક વ્યક્તિ મેટ્રો સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પરથી નીચે કૂદીને રોડ પર આવી ગયો. આ પછી તેને સંજય ગાંધી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો ઘાયલ વ્યક્તિને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ ૪૯ વર્ષીય હરીશ તરીકે થઈ છે. તે દિલ્હીના રોહિણીનો રહેવાસી હતો. સ્થળ પરથી કોઈપણ પ્રકારની સુસાઈડ નોટ મળી નથી. બનાવ અંગે મૃતકના પરિજનોને જાણ



કરવામાં આવી હતી. જે બાદ પોલીસે મામલાની તપાસ શરૂ કરી છે.યમુના કાંઠે પણ વ્યક્તિએ ટ્રેનની આગળ કૂદી પડ્યું અહીં, ગુરુવારે યમુના બેંક મેટ્રો સ્ટેશન પર એક વ્યક્તિએ આત્મહત્યા કરવાના ઈરાદે ટ્રેનની સામે કૂદી પડ્યો. ટ્રેનની અડફેટે આવી જતાં તેનું મોત થયું હતું. મૃતક પાસેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં આપઘાતના કારણોમાં આર્થિક તંગી અને સ્વાસ્થ્યના કારણો દર્શાવવામાં આવ્યા છે. આ પણ વાંચોઃ દિલ્હીઃ યમુના કાંઠે ટ્રેન આગળ કૂદીને વ્યક્તિએ કર્યો આત્મહત્યા, ૧૫ મિનિટ માટે મેટ્રો સેવા ખોરવાઈ. મૃતકની ઓળખ ૫૦ વર્ષીય નવીન તરીકે થઈ છે. તે ગાંધી નગર વિસ્તારનો રહેવાસી હતો. આ ઘટનાને કારણે રાજીવ ચોકથી વૈશાલી અને નોઈડા સિટી સેન્ટર સુધી બ્લુ લાઈન પર મેટ્રો સેવા ૧૫ મિનિટ માટે ખોરવાઈ ગઈ હતી. સવારે ૧૦.૧૫ થી ૧૦.૩૦ સુધી ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો.

### અર્થ ભારત ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ IFSC LLP

# ગિફ્ટ સિટીમાં કામગીરી શરૂ કરે છે અને તેના રૂ. ૧,૧૦૦ કરોડ ફંડને મોરિશિયસથી ગિફ્ટ સિટીમાં ખસેડવાની યોજના ધરાવે છે

। અમદાવાદ, તા.૯ ।

અર્થ ભારત ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ IFSC LLP એ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી - ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (GIFT-IFSC) ખાતે કામગીરી શરૂ કરી. તેણે તાજેતરમાં IFSCA પાસેથી ફંડ મેનેજમેન્ટ એન્ટિટી તરીકે લાયસન્સ મેળવ્યું છે. સિરિલ અમરચંદ મંગળદાસ અને સીએનકે ખંડવાલા એન્ડ એસોસિએટ્સ એન્ટિટીની સ્થાપના માટે સલાહકાર હતા.

૯મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ગિફ્ટ સિટી ક્લબ ખાતે આયોજિત ઉદ્ઘાટન કાર્યક્રમમાં બોલતા, સચિન સાવરીકરે, સ્થાપક અને મેનેજિંગ પાર્ટનર જણાવ્યું હતું કે, ''ગિફ્ટ સિટી એન્ટિટી અમારી વૃદ્ધિ વ્યૂહરચનાનો મુખ્ય ભાગ હશે કારણ કે અમે માનીએ છીએ કે તે ઓફર કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પ્રદાન કરે છે. વૈશ્વિક બજારો અને ખાસ કરીને ઝડપથી વિકસતા ભારતીય બજારોને સંબોધતા વિવિધ રોકાણ ઉત્પાદનો''. ''અમે રૂ. ૧,૧૦૦ કરોડ (USD ૧૩૦ મિલિયન) થી વધુના AuM સાથે અમારું સૌથી મોટું ફંડ અર્થા ગ્લોબલ



ઓપોર્ચ્યુનિટી ફંડ તરીકે મોરેશિયસથી ગિફ્ટ સિટીમાં ખસેડીશું. આ ગિફ્ટ સિટી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે'', તેમણે ઉમેર્યું.

૯મી ઓગસ્ટે રેડિસન ગિફ્ટ સિટી ક્લબ ખાતે ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઘણા મહાનુભાવો ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને શ્રી સંદિપ શાહ, આસિસ્ટન્ટ વીપી, ગિફ્ટ સિટી, શ્રી રાજેશ શર્મા, EVP, HDFC બેંક અને શ્રી વિવેક શર્મા, પાર્ટનર, સિરિલ અમરચંદ મંગળદાસે સંબોધિત કર્યા હતા. તેઓએ અર્થ ભારતને કામગીરી શરૂ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ગિફ્ટ સિટીના ફાયદાઓ પર પ્રકાશ પાડ્યો હતો અને નવીનતમ બજેટમાં નવી દરખાસ્તો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

### પ્રશાંત કિશોરે નીતિશ કુમાર પર નિશાન સાધ્યું

# મેં મદદ ન કરી હોત તો તેમનો પક્ષ પણ ન હોત અને તેઓ પણ નહીં

। (એજન્સી) પટણા, તા.૯ ।

બિહારમાં ૨૦૨૫માં વિધાનસભાની ચૂંટણી થવાની છે. જેને લઈને રાજકીય પાર્ટીઓએ ચૂંટણીની તૈયારી શરુ કરી દીધી છે. ત્યારે જન સૂરાજ પદયાત્રાના સંયોજક અને ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર નિશાન સાધ્યું છે. પ્રશાંત કિશોરે કહ્યું કે 'જો મે મદદ ન કરી હોત તો તેમનો પક્ષ પણ ન હોત અને તઓ પણ ન હોત.'

આ ઉપરાંત પ્રશાંત કિશોરે નીતિશ કુમાર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના રાજકીય જીવનનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. જે લોકો મારા પર કે જન સૂરાજ પદયાત્રા પર સવાલ ઉઠાવી રહ્યા છે, એવા લોકને જઈને પૂછો કે જ્યારે તઓની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ હતી અને નીતિશ કુમાર મુખ્યમંત્રી પદ છોડીને ભાગી ગયા હતા, ત્યારે એમના (JDU) જ નેતાઓ અમારી પાસે મદદ માંગવા આવ્યા હતા.' પ્રશાંત કિશોર અહીં જ ન અટકતા આગળ કહ્યું હતું કે નીતિશ કુમાર એક સમયે રાજકારણમાંથી સંન્યાસ લેવાનું વિચારી રહ્યા હતા. જો મેં તે સમયે નીતિશ કુમારની મદદ કરી ન હોત તો તેમનો અને જેડીયુનો કોઈ પત્તો ન હોત.' ગીતાનું ઉદાહરણ આપતાં કિશોરે કહ્યું કે ગીતામાં કહેવાયું છે કે કૃતઘ્ન ન થવું જોઈએ, કૃતઘ્નતાથી મોટો કોઈ ગુનો નથી. નીતિશ કુમાર અને જેડીયુના લોકોએ કૃતઘ્ન ન થવું જોઈએ. જો મેં તેમની મદદ ન કરી હોત તો તેમનો પક્ષ પણ ન હોત અને તેમનુ અસ્તિત્વ પણ ન હોત અને ન તો તેમની પાસે કોઈ નેતા હોત. મારા કારણે આજે તેની પાર્ટી જીવિત છે.'

આ ઉપરાંત ચૂંટણી વ્યૂહનીતિકાર વધુમાં કહ્યું કે 'બિહારમાં બીજેપી, જેડીયુ અને આરજેડીના કેટલાક નેતાઓ પણ ઈચ્છે છે કે રાજ્યમાં ૧૦૦ ટકા પરિવર્તન આવે.

બિહારના લોકો જન સૂરાજ યાત્રાને એક અવસર તરીકે જોઈ રહ્યા છે. આ વખતે જન સૂરાજ યાત્રામાં મુકાબલો એનડીએ અને જન સૂરાજ વચ્ચે થશે. એનડીએનું એક ટાયર જેડીયુ છે જે પહેલાથી જ પંચર થઈ ગયું છે.' આ દરમિયાન પીકેએ લાલુ યાદવની પાર્ટી આરજેડી પર પણ નિશાન સાધતા કહ્યું કે 'લાલુ યાદવે આજ સુધી એક પણ ચૂંટણી પોતાના દમ પર જીતી નથી.

# સમકાલીન જોડીઃ રાગિણી શાહ અને અપરા મહેતા કલર્સ ગુજરાતી પર યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાતમાં ચમત્કાર લાવે છે

। અમદાવાદ, તા.૯ ।

કલર્સ ગુજરાતી તમારે માટે હૃદયસ્પર્શી નવો શો યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાત લાવી છે, જે સંબંધો અને પારિવારિક જોડાણની શક્તિની ઉજવણી કરે છે. શો પ્રતિકાત્મક જોડી રાગિણી શાહ અને અપરા મહેતાનું પુનઃમિલન કરાવે છે, જેઓ ઓન-સ્ક્રીન અને ઓફ-સ્ક્રીન પણ વિશેષ સંબંધ ધરાવે છે. આ અનુભવી અભિનેત્રીઓ વ્યાવસાયિક રીતે સાથોસાથ અંગત મૈત્રીનો પણ સમૃદ્ધ ઈતિહાસ ધરાવે છે. તેઓ લાંબા સમય પછી પડદા પર ફરીથી એકત્ર આવી રહી છે, જેથી દર્શકોને તેમના સ્ક્રીન પર અને શો સાથે વળગી રહેવાનું વધુ એક કારણ મળ્યું છે.

રાગિણી શાહ અને અપરા મહેતા મનોરંજનની દુનિયામાં લાંબા સમયથી નામાંકિત હસ્તી છે. તેમની કેમિસ્ટ્રી અને મૈત્રીથી અગાઉ અનેક શોમાં પ્રાણ પુરાયો હતો. તેમની યુનાઈટેડ સ્ટેટ ઓફ ગુજરાતમાં ઓન-સ્ક્રીન ભાગીદારી તેમના ઓફ-સ્ક્રીન સમીકરણને પ્રદર્શિત કરે છે, જે તેમની ઘેરા સંબંધોનો ઉત્તમ દાખલો છે.

શોમાં રાગિણી સૂર્યકાંતા વૈષ્ણવની ભૂમિકા ભજવી રહી છે, જે પરંપરા જાળવી રાખવા અને પારિવારિક વેપારનું વ્યવસ્થાપન કરવા



માટે મજબૂત ઈચ્છાશક્તિ ધરાવતી પરિવારની પ્રમુખ છે. અપરા મહેતા ઈન્દિરા રંગવાલાની ભૂમિકા ભજવી રહી છે, જે સૂર્યકાંતાની વફાદાર બાળપણની બહેનપણી છે, જે તેના સર્વ પડકારોમાં તેની પડખે રહે છે, જે તેમનો મજબૂત ટેકો અને મૈત્રી દર્શાવે છે. ઉપરાંત શોમાં કેશવ તરીકે રજ અનડકટ, કે તરીકે સના અમીન શેખ અને છાયા તરીકે વંદના વિઠલાણી છે. પોતાની ભૂમિકા અને અપરા મહેતા સાથે પુનઃમિલન વિશે રાગિણી શાહ કહે છે, ''અપરા સાથે કામ હંમેશાં મનોરંજક અનુભવ રહ્યો છે. અમે ઘણા વર્ષોથી એકબીજાને જાણીએ છીએ અને નિશ્ચિત જ શોમાં અમારા પાત્રો થકી તે પ્રદર્શિત થાય છે.

# મોરબીથી શરૂ થયેલી કોંગ્રેસની ન્યાય યાત્રા રવિવારે રાજકોટ પહોંચશે

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

ગુજરાત કોંગ્રેસ દ્વારા મોરબીથી ગાંધીનગર સુધી ન્યાયયાત્રા શરૂ કરી છે. આ યાત્રા દ્વારા ગુજરાતમાં દુર્ઘટનાઓના પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે સંદેશો આપવાનો હેતુ છે. ત્યારે સુરતમાં તક્ષશિલા અગ્નિકાંડના પીડિત પરિવારોએ કોંગ્રેસની આ યાત્રામાં જોડાવાનો ઈનકાર કર્યો છે. તેની સાથે હવે રાજકોટ અગ્નિકાંડના પીડિત પરિવારો પણ કોંગ્રેસની યાત્રામાં નહીં જોડાય તેવું નિવેદન આપી રહ્યાં છે.

રાજકોટ અગ્નિકાંડના ૨૭ પરિવારો પૈકીના ૧૭ જેટલા પરિવારો કોંગ્રેસની યાત્રામાં નહીં જોડાય તેવું નિવેદન આપ્યું છે. આ પરિવારોનું કહેવું છે કે, કોંગ્રેસની ન્યાય યાત્રાથી અમને કોઈ ન્યાય નથી મળવાનો, અમને ન્યાય કોર્ટ આપશે.

રાજ્ય સરકારે અમારી તમામ માંગો સ્વીકારી છે અને આ કેસમાં અમારા માટે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરી છે. અમારા માટે તિરંગા યાત્રા અને ન્યાયયાત્રા કોઈ મહત્વ ધરાવતી નથી. અમારે ન્યાય જોઈએ છે તો એ અમને કોર્ટ આપશે. કોંગ્રેસની ન્યાય યાત્રા રવિવારે રાજકોટ પહોંચશે. સુરત બાદ રાજકોટના પીડિત પરિવારો પણ કોંગ્રેસની યાત્રાથી વિમુખ થતાં હવે ચર્ચાઓ શરૂ થઈ છે કે કોંગ્રેસ કોના માટે યાત્રાઓ કાઢી રહી છે અને કોને ન્યાય અપાવશે. અગાઉ રાહુલ ગાંધી જ્યારે અમદાવાદ આવ્યા હતાં ત્યારે તેમણે ગુજરાતમાં દર્ઘટનાઓથી પીડિત પરિવારો સાથે રાજીવ ગાંધી ભવન સાથે ચર્ચાઓ કરી હતી અને તેમના મુદ્દા સંસદમાં ઉઠાવવા માટે ખાતરી આપી હતી. તે ઉપરાંત કોંગ્રેસ દ્વારા આ પરિવારોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે અંગે પણ ચર્ચાઓ કરી હતી. પરંતુ હવે કોંગ્રેસની યાત્રામાં સુરત અને રાજકોટની દુર્ઘટનાઓના પીડિત પરિવારો ન્યાય યાત્રામા નહીં જોડાય તેવા નિવેદન આપી રહ્યાં છે.





### પીડિતોને ન્યાય અપાવવા મોરબીથી કોંગ્રેસની ન્યાયયાત્રા શરૂ થઈ

ગુજરાત કોંગ્રેસ દ્વારા દુર્ઘટના પીડિતોને ન્યાય અપાવવા માટે આજથી ન્યાયયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.મોરબીના દરબારગઢ ચોકમાં ક્રાંતિ સભા યોજીને વંદે માતરમ નાદ સાથે ન્યાયયાત્રાની શરૂઆત થઈ છે. આ યાત્રા ગુજરાતના ૫ જિલ્લા મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાંથી પસાર થઈને ૩૦૦ કિમીનો પ્રવાસ ખેડશે.મોરબીના દરબારગઢ ચોક ખાતે કોંગ્રેસના આગેવાનો સહિત પીડિત પરિવારોએ હાજર રહી આ ન્યાય યાત્રાની શરૂઆત કરી છે.

## અમદાવાદમાં જસ્ટિસ બાલકૃષ્ણન તપાસ આયોગની જાહેર સુનાવણી યોજાઈ



। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

જસ્ટિસ બાલકૃષ્ણન તપાસ આયોગની જાહેર સુનાવણીનું આયોજન અમદાવાદમાં એનેક્સી સર્કિટ હાઉસ ખાતે કરાયું હતું. સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ અને કમિશનના અધ્યક્ષ શ્રી કે.જી. બાલાકૃષ્ણને ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી અનુસૂચિત જાતિના નાગરિકો દ્વારા કરવામાં આવેલી આશરે ૧૫૦ અરજીઓની મૌખિક રજૂઆત સાંભળી હતી અને ૧૫૦૦થી વધુ લેખિત અરજીઓનો સ્વીકાર કર્યો હતો. આયોગના અધ્યક્ષ શ્રી કે.જી. બાલાકૃષ્ણન તેમજ અન્ય સભ્યો અને અધિકારીશ્રીઓ દ્વારા લેખિતમાં કરવામાં આવેલી અરજીઓ સ્વીકારવામાં આવી હતી, તથા નાગરિકો અને તેમના પ્રતિનિધિઓની મૌખિક રજૂઆત સાંભળવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઐતિહાસિક રીતે અનુસૂચિત જાતિના હોવાનો દાવો કરનારા, પરંતુ બંધારણની કલમ ૩૪૧ હેઠળ સમયાંતરે પ્રસિદ્ધ કરાયેલ રાષ્ટ્રપતિના આદેશમાં જણાવ્યા મુજબના ધર્મો સિવાયના અન્ય ધર્મોમાં પરિવર્તિત થયેલા નવા વ્યક્તિઓને અનુસૂચિત જાતિના દરજ્જા આપવા બાબતની તપાસ તથા અનુસૂચિત જાતિની હાલની યાદીમાં સમાવીને ધર્માંતરણ થયેલ નાગરિકો ઉમેરવાથી વર્તમાન અનુસૂચિત જાતિઓ પર પડનારા અસરોની તપાસ તેમજ અનુસૂચિત જાતિના વ્યક્તિઓ અને તેમના રીતરિવાજો પરંપરાઓ સામાજિક અને અન્ય દરજ્જાઓ સંબંધી ભેદભાવ અને વંચિતતાના સંદર્ભમાં અન્ય ધર્માંતરણ કરવા માટે જે ફેરફારોમાંથી પસાર થાય છે, તેની તપાસ કરવાની સાથે અનુસૂચિત જાતિનો દરજ્જો આપવાના પ્રશ્નની સમાન પ્રકારે અનુસૂચિત જાતિની વ્યક્તિઓના દરજ્જામાં થયેલ પરિવર્તનની તપાસ અને કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી અને તેની સંમતિથી આયોગ યોગ્ય ઠરાવે તેવા અન્ય પ્રશ્નો સંબંધિત તપાસ કરવા માટે આયોગનું ગઠન કરવામાં આવ્યું છે.

### અનેક વિસ્તારમાં વરસાદે રમઝટ બોલાવી

## અમદાવાદમાં આગાહી વચ્ચે મેઘરાજાની પધરામણી થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે ફરી એકવાર મેઘરાજાની પધરામણી થઈ છે. શહેરના અનેક વિસ્તારમાં ધોધમાર વરસાદ શરુ થયો છે. સરખેજ, પ્રહલાદનગર, ઈસ્કોન, બોપલ, ગોતા, એસ.જી હાઈવે સહિત અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે. વરસાદને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. નોંધનીય છે કે, આ વર્ષે ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે છતાં અમદાવાદ અને રાજકોટમાં ૫૦ ટકા ઓછો વરસાદ પડ્યો છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના મોટા ભાગના સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લામાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છના ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. છેલ્લા



કેટલાક દિવસથી વરસાદી માહોલ શાંત છે, ત્યારે આગામી ૧૪ ઑગસ્ટ સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના મોટા ભાગના સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છના ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

### ગાંજો અને ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો

## પોલીસે એક સપ્તાહમાં ૮૩૬ કરોડનો ચરસ, ગાંજો, ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

ગુજરાત પોલીસે છેલ્લા એક અઠવાડીયામાં અલગ અલગ ૯ સ્થળે દરોડા પાડીને ૮૩૬.૩૬ કરોડની કિંમતનો ચરસ, ગાંજો અને ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટ સહિતનો મુદ્દામાલ સીઝ કરી ૧૪ આરોપીઓ સામે નાર્કોટીક્સના ગુના દાખલ કર્યા છે. એક અઠવાડીયામાં ગુજરાત પોલીસની ટીમોએ પાડેલા દરોડામાં પકડાયેલા ડ્રગ્સમાં ચરસ, ગાંજો, લિક્વીડ મેફેડ્રોન અને ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટનો સમાવેશ થાય છે. જેમાં ATS દ્વારા બે અલગ અલગ દરોડામાં ૮૩૧ કરોડથી વધુ કિંમતના ટ્રામાડૉલ લિક્વીડ ટેબ્લેટ તથા લિક્વીડ મેફેડ્રોનના ૭૯૩.૨૩૨ કિલોના જથ્થા સાથે સાત આરોપીઓને પકડી આ ડ્રગ્સના આકાઓ સુધી પહોંચવા ડિટેઈલ ઈન્વેસ્ટીગેશન શરૂ કર્યુ છે. તે ઉપરાંત અમદાવાદ શહેર, પશ્ચિમ કચ્છ, નવસારી, પશ્ચિમ રેલવે વડોદરા પોલીસ અને સી.આઈ.ડી ક્રાઈમ દ્વારા ૨.૩૮ લાખના ગાંજાના ૨૫.૬૩૨ કિલો મુદ્દામાલ સાથે ૭ આરોપીઓને પકડી તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ પોરબંદર અને ગીર સોમનાથ ખાતેથી પોલીસ દ્વારા ૫.૩૨ કરોડથી વધુ કિંમતના ૧૨.૦૪૧ કિલો ચરસનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. ભારતના પાડોશી દેશો પણ ભારતમાં ડ્રગ્સ ઘુસાડવા અનેક પ્રયાસ કરી રહ્યા છે. કેફી દ્રવ્યના આ કારોબારને જડમૂળથી ઉખાડી ફેંકવા ગુજરાત પોલીસ એક્ટીવ છે. આ અભિયાનમાં જોડાયેલા પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ખબરીઓનો જુસ્સો વધારવા માટે નાર્કોટિક્સ રિવોર્ડ પોલિસી પણ ગુજરાતમાં અમલમાં મુકવામાં આવી છે. આ લડાઈમાં સંતો-મહંતો, નેતાઓ-અભિનેતાઓ, સામાજિક અગ્રણીઓ, ઈનફ્લ્યુએન્સર મિત્રો ‘એક પરિવાર’ બનીને ગુજરાતના યુવાનોને આ કેફી દ્રવ્યોની ચુંગાલથી દૂર રાખવા સહયોગ આપે તેવી અપીલ ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ કરી છે.

### વિદેશી નાગરિક હોવા છતાં સરકારી શાળાના પગારદાર

## સરકારી સ્કૂલના શિક્ષિકા ચાલુ ફરજે ૮ વર્ષથી અમેરિકામાં રહે છે

### શિક્ષિકા ભાવનાબેન અમેરિકામાં ગ્રીનકાર્ડ ધારક છે શિક્ષણ વિભાગ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી

। (માહિતી) અંબાજી, તા.૯ ।

ગુજરાતમાં શિક્ષણ વિભાગની બેદરકારીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાની પાન્છા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા ભાવનાબેન પટેલ નામના શિક્ષિકા છેલ્લા આઠ વર્ષથી વિદેશમાં સ્થાઈ થયાં છે પરંતુ હજી સુધી શાળામાં તેમની ફરજ ચાલુ હોવાની વિગતો મળી છે. આ કિસ્સો સામે આવતાં જ શિક્ષણ વિભાગ સામે સવાલો ઉભા થયાં છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનાબેન પટેલ પાછા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતાં. તેઓ છેલ્લા આઠેક વર્ષથી વિદેશમાં સ્થાઈ થયાં છે અને તેમની ફરજ હજી સુધી શાળામાં બોલે છે.તેમ છતાં શિક્ષણ વિભાગ દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી. ભાવનાબેન નામના શિક્ષિકા ના તો પાંછા પ્રાથમિક શાળામાં હાજર થઈ રહ્યા છે ના તો રાજીનામું મૂકી રહ્યા છે. જેને લઈને શાળામાં અભ્યાસ કરતા બાળકોના ભવિષ્ય સાથે રમત કરતો આ કિસ્સો ચર્ચાએ ચડ્યો છે.

શાળામાં ઈન્ચાર્જ આચાર્ય પારૂલબેને શિક્ષણમંત્રી અને જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિતમાં અરજી કરી છે છતાં પણ હજી સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે બાળકોનો અભ્યાસ અને



ભવિષ્ય સામે સવાલો ઉભા થયાં છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિનુભાઈ પટેલે કહ્યું કે, ભાવનાબેન ૮ મહિનાથી ગેરહાજર છે. તેમને નોટિસ આપવામાં આવી છે. ગેર હાજરી દરમ્યાન પગાર પણ ચૂકવવામાં આવ્યો નથી. ઠરાવ મુજબ એક વર્ષથી વધુ સમય ગેરહાજર થતાં તેમના ઉપર કાર્યવાહી કરવામાં આવશે.

બીજી તરફ એવી પણ માહિતી મળી છે કે, શિક્ષિકા ભાવનાબેન અમેરિકામાં ગ્રીનકાર્ડ ધારક છે. તેઓ છેલ્લા આઠ વર્ષથી અમેરિકામાં રહે છે. વિદેશી નાગરિક બન્યા હોવા છતાં તેઓ ગુજરાતની સરકારી શાળાના પગારદાર છે. આ અંગે શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, આ બાબત કોઈપણ હિસાબે ચલાવી નહીં લેવાય, રાજ્યની તમામ શાળાઓની વિગતો મંગાવીશું. રિપોર્ટના આધારે કાર્યવાહી કરીશું. જો પગાર મેળવાયો હશે તો પરત વસૂલ કરવામાં આવશે.

### સાણંદ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં રંગોળી સ્પર્ધા યોજાઈ

## સાણંદ તાલુકાના ૧૦૯ ગામોની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ એ ‘હર ઘર તિરંગા’ની થીમ પર આકર્ષક રંગોળીઓ કંડારી

। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

આગામી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં વિદ્યાર્થીઓ પણ ઉત્સાહભેર ભાગ લે તેવા હેતુથી અમદાવાદ જિલ્લાની શાળાઓમાં ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે જેમાં શાળાઓમાં રંગોળી, ચિત્ર અને નિબંધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાની ૧૦૯ જેટલા ગામોની વિવિધ પ્રાથમિક શાળાઓમાં રંગોળી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અનેક વિદ્યાર્થીઓએ ભાગ લઈ ‘હર ઘર તિરંગા’ અભિયાનમાં સહભાગી થયા હતા. જે અંતર્ગત વિદ્યાર્થીઓએ ‘હર ઘર તિરંગા’ થીમ પર વિવિધ આકર્ષક અવનવા રંગની રંગોળીઓ કંડારી હતી. વિદ્યાર્થીઓએ પોતાની જાતે વિવિધ ફૂલો અને કલરમાંથી બનાવેલી રંગબેરંગી રંગોળી શાળાઓમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ રંગોળી સ્પર્ધામાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં



આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, એક સપ્તાહ સુધી અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ‘હર ઘર તિરંગા’ અભિયાનની ઉજવણી કરવાનું આયોજન કરાયું છે.

### તમામ શાળાની વિગતો મંગાવાશે

## ચાલુ ફરજે વિદેશની હવા ખાતા શિક્ષકોનો હવે વારો પડી જશે

। (એજન્સી) સાબરકાંઠા, તા.૯ ।

આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નર્મદા જિલ્લામાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયા ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે હાલ બહુ ચર્ચિત કિસ્સો કે જ્યાં અંબાજીના દાતાની એક પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષિકા ચાલુ ફરજે અમેરિકામાં રહેતા હોવાનો મામલે સામે આવ્યો હતો. તે મામલે રાજ્ય શિક્ષિણ મંત્રીની પ્રતિક્રિયા સામે આવી છે. આ કિસ્સો અંબાજી નજીક પાંછા પ્રાથમિક શાળાનો છે, જ્યાં શિક્ષિકા ભાવનાબેન પટેલ છેલ્લા આઠેક વર્ષથી અમેરિકામાં રહે છે. તેમને ત્યાંનું નાગરિત્વ પણ મળ્યું છે સાથે ગ્રીન કાર્ડ પણ ધરાવે છે. શાળામાં કપાત પગાર ઉપર અનેક રજાઓ ભોગવી રહ્યા છે. જે બાબતે રાજ્ય શિક્ષણ મંત્રીએ કહ્યું છે કે, આ કિસ્સો મીડિયા દ્વારા જાણવા મળ્યું છે. તરત જ મેં નિયામકને જાણ કરી તમામ માહિતી મંગાવી છે. જે બાબતે આ વિગતમાં ૧ જાયુઆરીથી એક પણ રૂપિયો પગાર આપવામાં આવ્યો નથી અને આ અમેરિકા ગયા ત્યારે સરકારની પરમિશન વગર ન જઈ શકે અને અન્ય જો લાભ લીધો હશે તો એ બાબતે એમના પર એક્શન લેવામાં આવશે. વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી નિમિત્તે સાબરકાંઠા આવેલા શિક્ષણ પ્રધાનનું મોટું નિવેદન સામે આવ્યું છે. અંબાજીની પાંછા પ્રાથમિક શાળાના શિક્ષિકા ચાલુ ફરજે અમેરિકા રહેવાના મામલે શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કહ્યું કે, ચાલુ ફરજે વિદેશ રહેતા તમામ શિક્ષકો અને કર્મચારીઓની વિગતોનો અહેવાલ મેળવાશે.

## અમદાવાદના આરોગ્ય ભવન ખાતે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી

### ગુડ ટચ-બેડ ટચ, માસિક સ્ત્રાવ અને અન્ય મહિલા કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી આપતા કાર્યક્રમનું આયોજન







। (માહિતી) અમદાવાદ, તા.૯ ।

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલા સશકિતકરણ, સુરક્ષા અને સ્વાસ્થ્યના સુત્રને સાર્થક કરવા માટે દર વર્ષની જેમાં આ વર્ષે નારી વંદન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહ્યું છે. નારીશકિત માટે સમાજમાં ગૌરવ અને સન્માનનું વાતાવરણ ઊભું કરવા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયભરની મહિલા અને યુવતીઓને આ અભિયાનમાં સહભાગી બનાવવામાં આવે છે.

આ ઝુંબેશ અંતર્ગત અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધીકારીશ્રીની કચેરી અને અમદાવાદ જિલ્લા આરોગ્ય કચેરીના સંયુક્ત ઉપક્રમે મહિલા અને બાળ આરોગ્ય દિવસ નિમિત્તે આરોગ્ય ભવન, ગીતામંદિર ખાતે નારી વંદન ઉત્સવ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મહિલા અને આરોગ્ય દિવસની ઉજવણીના પ્રસંગે કિશોરીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી ફિલ્ડ ઓફિસર શ્રી આશાબહેન દેસાઈ દ્વારા આપવામાં આવી હતી.

મહિલા સુરક્ષાલક્ષી અન્ય યોજનાની માહિતી દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી શ્રી વૃતિકા વેગડા દ્વારા માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, ડૉ. શ્રી દિવ્યાબહેન દ્વારા ગુડ ટચ-બેડ ટચ, માસિક સ્ત્રાવ, વગેરે જેવાં વિષય પર માહિતી આપવામાં આવી હતી. જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કાર્યક્રમમાં સહભાગી મહિલાઓ અને કિશોરીઓને એનિમિયા કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રી જે. બી જસાણી, આઈ.સી.ડી.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર શ્રી સાગર પંચાલ, મહિલા અને બાળ વિકાસ વિભાગ અને આરોગ્ય ભવનના કર્મચારીઓ ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨